Saturday
24.08.2024
✳Volume :9 ✳ Issue No.37
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451
✳Managing Editor: Arjun Sondarva
✳ Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳ Page :04 ✳ Rs. 00.25/- ✳ Annual Rs. 90/-

યુદ્ધમાં જીવ ગુમાવનાર બાળકોને આપી શ્રદ્ધાંજલિ

મોદી પહોંચ્યા યુક્રેન: ઝેલેન્સ્કીના ખભે હાથ મૂકીને કરી વાત

લગભગ ૧૦ કલાકની ટ્રેન મુસાફરી કરી કીવ પહોંચ્યા હતાં, જ્યાં રાષ્ટ્રપતિ જેલેન્સ્કી સાથે મુલાકાત કરી



કમલમ્ ન્યુઝ,
રશિયા અને યુક્રેન વચ્ચે અઢી વર્ષથીચાલી રહેલાયુદ્ધ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે યુક્રેન પહોંચ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોલેન્ડમાંબે દિવસીય મુલાકાત બાદ યુક્રેન મુલાકાતે છે. તે સ્પેશિયલ રેલ ફોર્સ વનથી કીવ પહોંચ્યા છે. તે લગભગ ૧૦ કલાકની ટ્રેન મુસાફરી કરી કીવ પહોંચ્યા હતાં. જયાં રાષ્ટ્રપતિ જેલેન્સ્કીસાથે મુલાકાતકરી. તેઓ અહીં ૭ કલાક રોકાણ કરશે. યુક્રેનના રાષ્ટ્રપતિઝેલેન્સકીએ થોડા મહિના પહેલા પીએમ મોદીને યુક્રેન આવવાનું આમંત્રણ આપ્યું હતું. અગાઉ, મોદીઅને ઝેલેન્સકી મે ૨૦૨૩માં જાપાનમાં જી-૭ સમિટ દરમિયાન યુદ્ધ પછી પહેલી વાર મળ્યા હતા. વડાપ્રધાન મોદી યુક્રેનની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય વડાપ્રધાન છે. યુક્રેનની સ્થાપના ૧૯૯૧માં સોવિયેત સંઘ છૂટુ પડ્યા બાદ થઈ હતી. ત્યારથી આજસુધીકોઈભારતીય વડાપ્રધાન યુક્રેન ગયા નથી. વડાપ્રધાન મોદીની આ મુલાકાત એટલા માટે પણ ખાસ છે કારણ કે ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨નારોજ રશિયન હુમલા બાદથી અત્યાર સુધી નાટો દેશો સિવાય અન્ય કોઈ દેશના નેતાએ યુક્રેનની મુલાકાત લીધી નથી. વડાપ્રધાન મોદી મેરિન્સકી પેલેસમાં યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીને મળ્યા હતાં. આ દરમિયાન બંને નેતાઓ વચ્ચે દ્વિપક્ષીય બેઠક થશે. મોદીના સ્વાગત માટે મેરિન્સકી પેલેસને ભારત અને યુક્રેનના ધ્વજથી શણગારવામાં આવ્યો છે. કિવમાં ભારતીય સમુદાયે પીએમ મોદીનું સ્વાગત કર્યું હતું. તેઓ યુક્રેન નેશનલ મ્યુઝિયમ પણ જોવા ગયા હતાં જ્યાં ફેબ્રુઆરી, ૨૦૨૨ બાદ રશિયા સામેના યુદ્ધમાં માર્યા ગયેલા બાળકોને શ્રદ્ધાંજલિ આપી છે. તેઓ યુક્રેનના AV ફોમિન બોટનિકલ ગાર્ડનમાં મહાત્મા ગાંધીની કાંસ્ય પ્રતિમાને પણ શ્રદ્ધાંજલિ અર્પી છે. આ પ્રતિમા ૨૦૨૦માં મહાત્મા ગાંધીની ૧૫૧મી જન્મજયંતિ પર સ્થાપિત કરવામાં આવી હતી. યુરોપિયન યુનિયનના મહાસચિવ એન્ટોની ગુટેરેસના પ્રવક્તા સ્ટીફન દુજારિકે અપેક્ષા વ્યક્ત કરી છે કે, વડાપ્રધાન મોદીનની યુક્રેન મુલાકાત શાંતિ લાવવામાં મદદગાર સાબિત થશે. દુજારિકે કહ્યું કે, છેલ્લા થોડા સમયમાં અનેક મોટા દેશોના નેતાઓ કીવની મુલાકાત લીધી હતી. અમનેઅપેક્ષા છે કે, મોદીની આ મુલાકાતની અસર જોવા મળશે જે રશિયા-યુક્રેન વચ્ચે શાંતિ સ્થાપિત કરવામાંમદદરૂપ સાબિત થઈ શકે છે.

રેપકો બેંકે નવી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહને રૂ. ૧૯.૦૮ કરોડનો ડિવિડન્ડ ચેક અર્પણ કર્યો

રેપકો બેંકે ભારત સરકારની એન્ટરપ્રાઇઝ છે, જે ગૃહ મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળ છે, બેંકે રૂ. ૨૦,૦૦૦ કરોડના વ્યવસાયિક મિશ્રણને પાર કર્યું છે

ભારત સરકાર દ્વારા ૭૬.૩૨ કરોડની શેર મૂડી પર ૨૫% ડિવિડન્ડનો ચેક

કમલમ્ ન્યુઝ,
રેપકો બેંકે નવી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહને રૂ. ૧૯.૦૮ કરોડનો ડિવિડન્ડ ચેક અર્પણ કર્યો. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે ભારત સરકાર દ્વારા રાખવામાં આવેલ ૭૬.૩૨ કરોડની શેર મૂડી પર ૨૫%ના દરે ડિવિડન્ડ માટે રૂ.૧૯.૦૮ કરોડનો ચેક રેપ્કો બેંકના ચેરમેન શ્રીઇ. સંથાનમ અને મેનેજિંગડિરેક્ટર શ્રી ઓ.એમ. ગોકુલ દ્વારા સુપ્રત કરવામાં આવ્યો હતો. આપ્રસંગે કેન્દ્રીય ગૃહ સચિવશ્રી અજય કુમાર ભલ્લા અને ગૃહ મંત્રાલયનાઓફિસર ઓનસ્પેશિયલ ડ્યુટી (OSD) શ્રી ગોવિંદ મોહન પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા. રેપ્કો બેંક એ ભારત સરકારનું એક એન્ટરપ્રાઇઝછે જે ગૃહ મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળછે. બેંકેનાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન બિઝનેસ મિક્સમાં ૧૧% વૃદ્ધિ નોંધાવી છે. એક નોંધપાત્રસિદ્ધિમાં, આજેબેંકે રૂ. ૨૦,૦૦૦ કરોડના બિઝનેસ મિશ્રણને પાર કરીલીધું છે.

રાષ્ટ્રપતિ પ્રથમ રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસની ઉજવણીમાં ઉપસ્થિત રહ્યાં

કમલમ્ ન્યુઝ,
રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ (૨૩ ઓગસ્ટ, ૨૦૨૪) નવીદિલ્હીમાં ભારત મંડપમ ખાતે પ્રથમ રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસની ઉજવણીમાં સામેલ થયા. ૨૩ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ચંદ્રની સપાટીપર 'વિક્રમ' લેન્ડરના સફળ ઉતરાણની યાદમાંરાષ્ટ્રીય અંતરિક્ષ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. રાષ્ટ્રપતિએ આ પ્રસંગે 'રોબોટિક્સ ચેલેન્જ' અને 'ભારતીય અંતરિક્ષહેકાથોન'ના વિજેતાઓને એવોર્ડ એનાયત કર્યા હતા. આ પ્રસંગે બોલતા રાષ્ટ્રપતિએ કહ્યું કે ઈસરોએ તેના શરૂઆતના દિવસોથી જ એક અદ્ભુતસફર કરી છે. તેણે અવકાશ ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ મેળવી છે. આ સાથે ઈસરોએ દેશના સામાજિક અને આર્થિક વિકાસમાં પણ અમૂલ્ય યોગદાન આપ્યું છે. તેમણે સમર્પિત વૈજ્ઞાનિકોની પ્રશંસા કરી હતી, જેમણે લઘુત્તમ સંસાધનોનો ઉપયોગ કરીને ભારતનાંઅંતરિક્ષ કાર્યક્રમને દુનિયાનાં શ્રેષ્ઠ અંતરિક્ષ કાર્યક્રમોમાં સ્થાન આપ્યું છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આપણો દેશ અવકાશ વિજ્ઞાનમાં સતત પ્રગતિ કરશે અને આપણે શ્રેષ્ઠતાના નવા ધોરણો સ્થાપિત કરવાનું ચાલુ રાખીશું. રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારતના અવકાશ ક્ષેત્રની પ્રગતિ અસાધારણ છે. મર્યાદિત સંસાધનો સાથે સફળતાપૂર્વક પૂર્ણ થયેલું મંગળઅભિયાનહોય કેપછી એક સાથે ૧૦૦થી વધુ ઉપગ્રહોનું સફળ પ્રક્ષેપણ હોય, આપણે ઘણી પ્રભાવશાળી સિદ્ધિઓ હાંસલ કરી છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે અવકાશ સંશોધનથીમનુષ્યની ક્ષમતાઓમાં વધારો થયો છે અને આપણી કલ્પનાશીલતાને વાસ્તવિકતામાં પરિવર્તિત કરી છે. પરંતુ અવકાશ સંશોધન એક પડકારજનક કાર્ય છે. અવકાશ સંશોધન દરમિયાન સમસ્યાઓના નિરાકરણ માટે હાથ ધરવામાં આવેલા સંશોધન વિજ્ઞાનના વિકાસને વેગ આપે છે અને માનવ જીવનમાં સુધારો કરે છે. અવકાશ ક્ષેત્રના વિકાસથી ઘણાં ક્ષેત્રોને લાભ થયો છે, જેમાં સ્વાસ્થ્ય અને ચિકિત્સા, પરિવહન, સુરક્ષા, ઊર્જા, પર્યાવરણ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી સામેલ છે. રાષ્ટ્રપતિએ ધ્યાન દોર્યું હતું કે અવકાશ ક્ષેત્રને ખાનગી ક્ષેત્ર માટે ખુલ્લું મૂકવાની સાથે, સ્ટાર્ટ-અપ્સની સંખ્યામાં ખૂબ જ ઝડપી ગતિએ વધારો થયો છે. તેનાથી ન માત્ર અંતરિક્ષ સંશોધનમાં પ્રગતિ થઈ છે, પરંતુ આપણા યુવાનોને તેમની પ્રતિભા પ્રદર્શિત કરવા અને નિખારવા માટે નવી તકો પણ મળી છે. તેમને એ જાણીને આનંદ થયો કે થોડા મહિના પહેલાં જ એક ભારતીય કંપનીએ સિંગલ પીસ થ્રીડી પ્રિન્ટેડ સેમી ક્રાયોજેનિક એન્જિનથી ચાલતું રોકેટ સફળતાપૂર્વક લોન્ચ કર્યું હતું, જે આ પ્રકારની પ્રથમ સિદ્ધિ હતી. રાષ્ટ્રપતિએ કહ્યું કે આપણે ભવિષ્યના પડકારો માટે તૈયાર રહેવું પડશે. અવકાશી કાટમાળ અવકાશ મિશન માટે સમસ્યાઓનું કારણ બની શકે છે. તેમણે 'સેફ એન્ડ સસ્ટેઈનેબલ ઓપરેશન્સ મેનેજમેન્ટ માટે ઈસરો સિસ્ટમ' સુવિધાની પ્રશંસા કરી હતી, જેનું સંચાલન અવકાશ સંશોધન પ્રવૃત્તિઓની સતત પ્રગતિ સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવે છે. તેમને એ જાણીને પણ આનંદ થયો કે ભારત વર્ષ ૨૦૩૦ સુધીમાં તેના તમામ અંતરિક્ષ મિશનને કાટમાળ મુક્ત બનાવવા માટે આગળ વધી રહ્યું છે.

બહુચરાજી માતાજીના મંદિરના પુન: નિર્માણની પ્રથમ ફેઝની કામગીરીનું મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે શાસ્ત્રોકત વિધિ દ્વારા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું

પ્રથમ ફેઝની કામગીરી અંતર્ગત રૂપિયા ૭૬.૫૧ કરોડના ખર્ચે મંદિરનું પુન:નિર્માણ કરીને શિખરની ઊંચાઈ ૮૬ ફૂટ ૧ ઇંચ સુધી વધારવામાં આવશે

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે બહુચરાજી માતાના દર્શન તેમજ પૂજા અર્ચના કરી જન સુખાકારીની પ્રાર્થના કરી

મંદિર પરિસરમાં ઉપસ્થિત દર્શનાર્થીઓ તેમજ સ્થાનિકોનું ઉમળકાભેર અભિવાદન ઝીલતા મુખ્યમંત્રીશ્રી

કમલમ્ ન્યુઝ,
મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે મહેસાણા જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ બહુચરાજીમાં બહુચર માતાના મંદિરના પુન: નિર્માણના પ્રથમ ફેઝની કામગીરીનું ખાતમુહૂર્ત શાસ્ત્રોક્ત વિધિથી સંપન્ન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે બહુચરાજી માતાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. મુખ્યમંત્રીશ્રીએ બહુચર માતાજીની પૂજા અર્ચના કરીને જન સુખાકારીની પ્રાર્થના કરી હતી. મંદિર પુન: નિર્માણનો સમગ્ર નકશો મુખ્યમંત્રીશ્રી સમક્ષ પ્રવાસન વિભાગ અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ મંદિર પરિસર સહિત ત્રણે ફેઝની સમગ્ર પુન: નિર્માણ કામગીરીની બાબતોનું બારીકાઈથી નિરીક્ષણ કર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ મંદિર પરિસરમાં ઉપસ્થિત દર્શનાર્થીઓ તેમજ સ્થાનિકોનું ઉમળકાભેર અભિવાદન ઝીલ્યુ હતું. બહુચરાજી મંદિરના પુન: નિર્માણની પ્રથમ ફેઝની કામગીરીના આ ખાતમુહૂર્ત પ્રસંગે ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત પણ જોડાયા હતા. આ પ્રસંગે પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, પૂર્વ મંત્રીશ્રી રજનીભાઈ પટેલ, રાજ્ય સભા સાંસદશ્રી મયંકભાઈ નાયક, લોક સભા સાંસદ શ્રી હરિભાઈ પટેલ, ધારાસભ્યશ્રી સુખાજી ઠાકોર, અગ્રણીસર્વશ્રી ગીરીશભાઈ રાજગોર, શ્રીમતી વર્ષાબેન દોશી, શ્રી યજ્ઞેશ દવે, પ્રવાસન વિભાગના સચિવશ્રી રાજેન્દ્ર કુમાર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ શ્રીમતીએસ. છાકછુઆક, ઈન્ચાર્જ જિલ્લા કલેકટરશ્રી ડૉ. હસરત જૈસમીન સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રેઉલ્લેખનીય છે કે બહુચરાજી માતાજીના મંદિરના પુન: નિર્માણની પ્રથમ ફેઝની કામગીરી અંતર્ગત રૂપિયા ૭૬.૫૧ કરોડના ખર્ચે શ્રી બહુચરાજી માતાજી મંદિરનું પુન:નિર્માણ કરી શિખરની ઊંચાઈ ૮૬ ફૂટ ૧ ઇંચ સુધી વધારવામાં આવશે.

દેશના ૫૦૦ જેટલા ગૌ પ્રેમીઓનો ત્રિદિવસીય આંતરાષ્ટ્રિય સેમિનાર

કમલમ્ ન્યુઝ,
રાષ્ટ્રીય એવોર્ડવિજેતા સંસ્થા સમસ્ત મહાજન દ્વારા ગૌશાળા અને પશુ કલ્યાણ અંગેના ત્રિદિવસીય આંતરરાષ્ટ્રીય સેમિનારમાં સમસ્ત મહાજનના મેનેજીંગ ઉદ્યોગ અને ભારતના સભ્ય ડો.ગીરીશ જયંતીલાલ શાહે સૌ પ્રથમ દેશના વિવિધ ખૂણેથી ૫૦૦થી વધુ ગૌશાળાઓ અને પશુ કલ્યાણ સંસ્થાઓના પ્રતિનિધિઓએ ધર્મજ ગામની કૃષિ વ્યવસ્થા અને તેમાંથી થતી આવક અંગેનજરે જોનારી માહિતી મેળવી હતી.
આ પ્રસંગે ડો.શાહે ધર્મજ ગામના આર્થિક વિકાસની ગાથા વર્ણવી હતી અને જણાવ્યું હતું કે દેશનું આ એક માત્ર એવું ગામ છે જ્યાં લીલાચારા ?૧ કિલોના ભાવે વેચાય છે, ગામમાં ૧૪ રાષ્ટ્રીય બેંકો છે, અને અહીં ખેડૂતોની ૧૦૦૦ કરોડથી વધુ ફિક્સ ડિપોઝિટ છે. તેમણે પોતાના સંબોધનમાં જણાવ્યુ હતું કે, ભારતીય જીવન કલ્યાણ બોર્ડના સભ્યતરીકે તેઓદેશભરમાં ગૌચર પ્રાણીઓની જાળવણી માટે આપવામાં આવતા દૈનિક ખર્ચની રકમ વધારીને ઓછામાં ઓછા ૧૦૦ કરવાનોપ્રયાસ કરીરહ્યાછે. તેમણે ટાંક્યું હતું કે ઉત્તર પ્રદેશ સરકાર ૫૦ રૂપિયા, ઉત્તરાખંડમાં ૮૦રૂપિયા અનેગુજરાતને દરરોજ પશુ દીઠ ૩૦ રૂપિયા આપી રહી છે જે સંપૂર્ણપણે અપર્યાપ્ત છે અનેઆ સેમિનારના શુભારંભના પ્રથમ દિવસે ગુજરાતના આણંદના સાંસદ નિતેશ પટેલે આ પ્રસંગે મુખ્યઅતિથિતરીકે સંબોધન કરતાં જણાવ્યું હતું કે, આણંદની ધરતીએ વિશ્વમાં પોતાનું સ્થાન બનાવ્યું છે, જ્યાં ગુજરાતની ધરતી દૂધ અને દહીંની વ્યવસ્થાને મજબૂત બનાવે છે અને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રેરણાથી સતત પ્રગતિ કરતા લોકોએ યોગ્ય દુનિયામાં પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે, જ્યારે તેમિશન આજેપણ ચાલુછે. તેમણે કહ્યું હતું કે, આજના સમયમાં દૂધ ઉત્પાદન બાદ લોકો પશુઓને રસ્તા પર છોડી દે છે, જે સ્વાભાવિક રીતે અન્યાયી અને ગુનાહિત વૃત્તિ છે, જેને રોકવી પડશે.
આ દિશામાં મહાજનના પ્રયાસોને બિરદાવતાં તેમણે કહ્યું હતું કે પ્રાણીઓની નિવૃત્તિ બાદ ગૌશાળામાં ઘણું સંરક્ષણ, પ્રમોશન અને વધુ સારી કાળજી લેવી જોઈએ. જે લોકો ગૌવંશને રસ્તા પર છોડી દે છે તે ખૂબ જ ખોટું કામ છે. તેને રોકવા માટે, લોકોએ આગળ આવવું પડશે અને ગુજરાતની ધરતી પર કરવામાં આવેલી તમામ નોંધપાત્ર સિદ્ધિઓને લોકો સુધી પહોંચાડવાની જરૂર છે.

તંત્રી સ્થાનેથી......

રાજ્યના ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવીને જમીનને નંદનવન બનાવી, ગુણવત્તાયુક્ત અને વધુ ઉત્પાદન મેળવીને સમૃદ્ધ બને તેના માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. ખેડૂતો ઝેરમુક્ત અને ઝીરો બજેટવાળી પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને સઘન તાલીમ અપાઈ રહી છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના રાવકી ગામમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી હતી.રાવકી ખાતે હાલમાં જ યોજાયેલી તાલીમમાં ગુજરાત પ્રાકૃતિક કૃષિ બોર્ડના ચેરમેન શ્રી હિતેન્દ્રભાઈ પટેલ, નાયબ ખેતી નિયામક આત્મા, બાગાયત અધિકારીશ્રી, બીટીએમ આત્મા, ગ્રામસેવકો તથા રાવકી ગામના સરપંચ ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમમાં પ્રાકૃતિક ખેતી કરતા કૃષ્ણરાજસિંહ જાડેજા તથા ગુજરાત રાજ્યના અલગ અલગ જિલ્લા તથા તાલુકામાંથી પ્રાકૃતિક ખેતી તથા મોડલ ફાર્મ ધરાવતા ખેડૂતો હાજર રહ્યા હતા અને તેઓએ પ્રાકૃતિક કૃષિથી થયેલા લાભોના અનુભવો ખેડૂતો સમક્ષ વહેંચ્યા હતા. આ તાલીમમાં પ્રાકૃતિક કૃષિ શું છે ત્યારથી શરૂ કરીને તેના ફાયદા સમજાવાયા હતા. આ સાથે પ્રાકૃતિક કૃષિના પાંચ આધાર સ્તંભો જેવા કે જીવામૃત, બીજામૃત, આચ્છાદન, વાફસા (વરાપ) અને મિશ્ર પાકની વિસ્તૃત સમજ અપાઈ હતી. ઉપરાંત જીવામૃત તથા બીજામૃત કેવી રીતે બનાવવું તે પણ શીખવવામાં આવ્યું હતું. પ્રાકૃતિક કૃષિના અગણિત ફાયદાઓ જોઈને ખેડૂતોએ પણ તેને અપનાવવા નિર્ધાર કર્યો હતો.

ખેડબ્રહ્મા:PM-JANMAN સંદર્ભે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

પ્રાયોજના કચેરી ખેડબ્રહ્મા દ્વારા PM JANMAN કામગીરી અંતર્ગત નોડલ ઓફિસર તરીકે વિશાલ સકસેના પ્રાયોજના વહીવટદાર ખેડબ્રહ્મા ને નિયુક્ત કરવામાં આવ્યા.

કમલમ્ ન્યુઝ,

પ્રાયોજના વહીવટદાર નોડલ ઓફિસર વિશાલ સકસેના દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં કુલ ૨૬૧ કુટુંબો અને તેના કુલ ૧૨૩૪ સભ્યો જે મુખ્યત્વે કાથોડી સમાજના છે અને વિજયનગર તાલુકાના ૧૦ ગામોમાં વસવાટ કરે છે તે પૈકી કનેક્ટિવિટી વિહોણા બદરખા અને કેલાવા પરોસડા ગામોમાં રસ્તાઓના કામ હાથ ધરેલ છે. બંધણા,બદરખા,વણધોલ ખાતે મલ્ટી પર્પજ સેન્ટર તેમજ કાથોડી સમુદાયના અન્ય લાભાર્થીઓને આરોગ્યની સુવિધાઓ મળી રહે તે માટે એક મોબાઈલ મેડિકલ યુનિટ પણ આપવામાં આવેલ છે.

- ૯૩ કુટુંબોને પીએમ કિસાન નિધિના લાભો ૧૫૨ લાભાર્થીઓ પૈકી ૧૦૩ લાભાર્થીઓને પીએમ આવાસ યોજના ના લાભ,
- ૨૨૩ લાભાર્થીઓને પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો લાભ, ૭૩૨ લાભાર્થીઓને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનો લાભ,
- ૫૯ લાભાર્થીઓને પીએમ ઉજ્વલા યોજનાનો લાભ
- ૬૧ લાભાર્થીઓને કિસાન ક્રેડિટ કાર્ડનો લાભ,
- ૧૯૩ કુટુંબોને વીજળીકરણ થી સાંકળવામાં આવેલ છે
- ૨૫૪ કુટુંબોને પીવાના પાણીની પણ સુવિધા પૂરી પાડવામાં આવેલ છે.

બાકી રહેતા લાભાર્થીઓને તારીખ ૨૩-૮-૨૪ થી ૧૦-૯-૨૦૨૪ સુધી ઈસી કેમ્પિંગ હેઠળ કેમ્પોનું આયોજન હાથ ધરવામાં આવેલ છે તે અંતર્ગત બંધણા, વણધોલ, ગોઢવાડા બદરખા, ઈટાવડી, ચિઠોડા, આંતરસુબા, અંદરોખા કેલાવા અને ગોલવાડા ગામોમાં કેમ્પોનું આયોજન કરવા માં આવનાર છે. એવું નોડલ ઓફિસર અને પ્રાયોજના વહીવટદાર ખેડબ્રહ્માએ પ્રેસ કોન્ફરન્સ દ્વારા જણાવ્યું હતું.

તાપીના પૂર્વ આચાર્યા અને બે વિદ્યાર્થીઓને લાલ કિલ્લા પરેડ મેદાન દિલ્હી ખાતે ૧૫મી ઓગષ્ટે અતિથિ વિશેષ આમંત્રિત કરાયા

કમલમ્ ન્યુઝ,રાકેશ વાળા

તાપી જિલ્લાના કે.કે.કન્યા વિદ્યાલય,વ્યારા ના પૂર્વ આચાર્યા સંગીતાબેન એન.ચૌધરી અને જે.બી. એન્ડ એસ.એ. શાળાની વિદ્યાર્થીની હેનિશા વિનિત શાહ અને ડોલવણ શાળાના વિદ્યાર્થી ચૌધરી પ્રિયાંસુ નિતેશભાઈ ને ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર પર્વની ઉજવણીના કાર્યક્રમ નિમિત્તે લાલ કિલ્લા ,નવી દિલ્હી ખાતે અતિથિ રૂપે ખાસ આમંત્રિત કરવામાં આવ્યા હતા. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના શિક્ષણ પ્રત્યેના પ્રેરક વિચારોને સાકાર કરતો પૂર્વ પ્રેરણા એક અનુભવાત્મક શીખ કાર્યક્રમ અંતગર્ત વડનગર (ગુજરાત)ખાતે તાપી જિલ્લાની આ ટીમે પ્રતિનિધિત્વ કરી પ્રોજેક્ટ રજુ કર્યો હતો. પ્રેરણાથી પ્રભાવિત શિક્ષકો અને વિદ્યાર્થીઓને શિક્ષા મંત્રાલય,નવી દિલ્હી દ્વારા વિશેષ આમંત્રિત કરાયા હતા. ઉલ્લેખનિય છે કે કે.કે.કન્યા વિદ્યાલયના પૂર્વ આચાર્યા સંગીતાબેન ડી.ચૌધરી રચનાત્મક પ્રવૃત્તિઓ સાથે શિક્ષણને આગળ લઈ જવાના પ્રયાસો કરી રહ્યા છે. તેમને વર્ષ ૨૦૧૫માં શ્રેષ્ઠ શિક્ષક તરીકે રાજ્યનો એવોર્ડ મળ્યો હતો. તાલકટોરા સ્ટેડિયમમાં યોજાયેલ અન્ય એક કાર્યક્રમ કેન્દ્રિય શિક્ષણ મંત્રીશ્રી ધર્મેન્દ્ર પ્રધાનની અધ્યક્ષતામાં યોજાયો હતો જવાહર નવોદય બોરખડી,ગુજરાત આ કાર્યક્રમમાં નોડલની ભૂમિકા અદા કરી હતી. જેમાં તાપીની ટીમ સહભાગી થઈ તાપી જિલ્લાનું ગૌરવ વધાર્યું હતું. કેન્દ્રિય શિક્ષા મંત્રીશ્રી પ્રધાન અને રાજ્ય શિક્ષામંત્રીશ્રીને તાપી (ગુજરાત) તરફથી પારંપારિક વારલી પેઈન્ટીંગનો મોમેન્ટો અર્પણ કરાયો હતો. તાપી જિલ્લાને સિધ્ધિના શિખરે પહોંચાડવા બદલ આચાર્યા સંગીતાબહેન અને વિદ્યાર્થીઓને તાપી જિલ્લા વહીવટીતંત્ર,વ્યારા નગરજનો સહિત શિક્ષણ વિભાગે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

ગાબાણી કોલેજમાં જન્માષ્ટમી નિમિત્તે મટુકી ડેકોરેશન સ્પર્ધાનું આયોજન

કમલમ્ ન્યુઝ,

તા.૨૩/૦૮/૨૦૨૪ નારોજ શ્રી તાપીબ્રહ્મચર્યાશ્રમસભા સંચાલિત શ્રી જે.ડી.ગાબાણી કોમર્સ કોલેજ એન્ડ શ્રીસ્વામી આત્માનંદ સરસ્વતી કોલેજ ઑફ મેનેજમેન્ટ, વરાછા દ્વારા મટુકી ડેકોરેશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રો. ડૉ.ગૌતમભાઈ કાનાણી એ પોતાની સેવા આપી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વાળા ખુશાલી (FY BBA), દ્વિતીય ક્રમે માંગરોલીયા ધૃતિ (SY BCOM) અને ત્રીજા ક્રમે ધામેલિયા જિત (FY BCOM) વિજેતા જાહેર થયાં હતાં. આ સ્પર્ધાને સફળ બનાવવા માટે કોલેજના પ્રો.અસ્મિતા હીરપરા,પ્રો.દયા વાઘાણી અને પ્રો.રાહુલ પાટીલે મહત્વનો ફાળો આપેલ હતો. કોલેજના ઈ.પ્રિ. ડૉ. ગોવિંદભાઈ ધિનૈયા તેમજ સમગ્ર કોલેજ પરિવાર ભાગ લેનાર સૌ વિદ્યાર્થીઓ અને વિજેતાઓને અભિનંદન અને શુભેચ્છાઓ..

પીવીટીજીની બહુમતી ધરાવતા આદિવાસી વિસ્તારોમાં સરકારી યોજનાઓમાં ૧૦૦ ટકા સંતૃપ્તિ સુનિશ્ચિત કરવા અને જાગૃતિ લાવવા માટે પીએમ-જનમન મિશન પર આઈઈસી અભિયાન, જે ૨૩ ઓગસ્ટથી ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી ચાલશે

૨૮.૭ હજાર પીવીટીજી આવાસોમાં આશરે ૪૪.૬ લાખ વ્યક્તિઓ (૧૦.૭ લાખ પરિવારો) સુધી પહોંચવાનું અભિયાન; દેશભરમાં ૧૯૪ જિલ્લાઓના ૧૬,૫૦૦ ગામો, ૧૫,૦૦૦ ગ્રામ પંચાયતો અને ૧૦૦૦ તાલુકાઓને આવરી લેવાશે

કમલમ્ ન્યુઝ,

દેશભરના ૧૯૪ જિલ્લાઓમાં ખાસ કરીને નબળા આદિવાસી જૂથો(પીવીટીજી) અને પીવીટીજી પરિવારો સુધી પહોંચવાના ઉદ્દેશ સાથે, કેન્દ્રીય આદિજાતિ બાબતોનું મંત્રાલય ૨૩ ઓગસ્ટ, ૨૦૨૪થી ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન (પીએમ-જનમન) માટે રાષ્ટ્રવ્યાપી માહિતી, શિક્ષણ અને સંચાર (આઈઈસી) અભિયાન અને લાભાર્થી સંતૃપ્તિ શિબિરો ચલાવી રહ્યું છે.

કેન્દ્રીય આદિજાતિ બાબતોનાં મંત્રી શ્રી જુઆલ ઓરામ અને રાજ્ય મંત્રી શ્રી દુર્ગાદાસ ઉઈકીએ ગઈકાલે બોલાવેલી બેઠકમાં પીએમ-જનમન હેઠળની યોજનાઓની પ્રગતિની સમીક્ષા કરી હતી અને પીએમ-જનમન પર આઈઈસી અભિયાનની તૈયારીની નોંધ લીધી હતી. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જનજાતીય ગૌરવ દિવસ (૧૫ નવેમ્બર, ૨૦૨૩) પર પ્રધાનમંત્રી જનમાન મિશનનો ઝારખંડના ખૂંટી જિલ્લામાંથી શુભારંભ કરાવ્યો હતો.

ઝુંબેશ પ્રવૃત્તિઓ અને પહોંચ

ગયા વર્ષે ૧૦૦ જિલ્લાઓમાં એક વ્યાપક આઈઈસી અભિયાન ચલાવવામાં આવ્યું હતું, જેમાં ૧૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ આંદામાન અને નિકોબાર ટાપુઓમાં આશરે ૫૦૦ બ્લોક્સ અને ૧૫,૦૦૦ પીવીટીજી રહેઠાણોને આવરી લેવામાં આવ્યા હતા. આ વર્ષે, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, ઝારખંડ, કર્ણાટક, કેરળ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા, રાજસ્થાન, તમિલનાડુ, તેલંગાણા, ત્રિપુરા, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ અને આંદામાન અને નિકોબાર ટાપુઓના ૧૯૪ જિલ્લાઓના ૨૮,૭૦૦ પીવીટીજી આવાસોમાં ૧૦.૭ લાખ પીવીટીજી કુટુંબોના ૪૪.૬ લાખ પીવીટીજી વ્યક્તિઓ સુધી પહોંચવા માટે વધુ સઘન અભિયાનની કલ્પના કરવામાં આવી છે. તમામ સ્તરે – રાજ્યોથી લઈને જિલ્લાઓ સુધી, બ્લોકથી ગામ સુધી, પીવીટીજી વસવાટના સ્તર સુધી તમામ સ્તરે જાગૃતિ ફેલાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. ઉક્ત ૧૯૪ જિલ્લાઓના ૧૬,૫૦૦ ગામો, ૧૫,૦૦૦ ગ્રામ પંચાયતો અને ૧૦૦૦ તાલુકાઓને આવરી લેવાનું લક્ષ્ય છે. આ ઝુંબેશનો ઉદ્દેશ મુખ્ય વ્યક્તિગત અધિકારો સાથે પીવીટીજી પરિવારોને સંતૃપ્ત કરવાનો અને પીવીટીજી આવાસોને મૂળભૂત સુવિધાઓ પ્રદાન કરવા માટે પીએમ-જનમન હસ્તક્ષેપ વિશેની માહિતીનો પ્રસાર કરવાનો છે, જેથી આ આદિવાસી સમુદાયોને કેન્દ્ર અને રાજ્યની યોજનાઓ અને તેના હેઠળના લાભો વિશે જાગૃત કરી શકાય. આ પહેલ દરેક પીવીટીજી પરિવારને આવરી લેશે, જે અંતર, માર્ગના અભાવ અને ડિજિટલ કનેક્ટિવિટીને કારણે સંપર્ક વિહોણા રહ્યા છે અને તેમના ઘરઆંગણે સુવિધાઓ પ્રદાન કરશે. આ કાર્યક્રમોના આયોજન માટે હાટ બજાર, સામુદાયિક સેવા કેન્દ્ર, ગ્રામ પંચાયત, આંગણવાડી, બહુહેતુક કેન્દ્રો, વનધન વિકાસ કેન્દ્રો, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો જેવા સ્થળોનો ઉપયોગ કરવામાં આવશે. ઉપરાંત માયભારતના સ્વયંસેવકો, નહેરુ યુવા કેન્દ્રો, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, એનએસએસ, એનસીસી, એસએચજી/એફપીઓ અને આ પ્રકારની અન્ય સંસ્થાઓ જેવી સંસ્થાઓની સક્રિય ભાગીદારીની પણ માંગ કરવામાં આવી રહી છે, જેથી આ અભિયાનની સફળતા સુનિશ્ચિત કરી શકાય.

- સમગ્ર અભિયાનના સમયગાળા દરમિયાન આધાર કાર્ડ, સામુદાયિક પ્રમાણપત્રો, જનધન ખાતાઓ અને વન અધિકાર અધિનિયમ (એફઆરએ) લાભાર્થીઓ માટે પટ્ટા પ્રદાન કરવામાં આવશે, કારણ કે આ અન્ય યોજનાઓ માટે મૂળભૂત જરૂરિયાતો છે.
- પીએમજનમન ઈન્ટરવેશન કાર્ડ્સ પીવીટીજીની ભાષામાં વહેંચવામાં આવશે.
- આ અભિયાનના એક હિસ્સામાં લાભાર્થી સંતૃપ્તિ શિબિરો અને સ્વાસ્થ્ય શિબિરોનો પણ સમાવેશ કરવામાં આવશે. આ શિબિરોમાં વ્યક્તિઓ/કુટુંબો માટે યોજનાઓ હેઠળ તાત્કાલિક લાભ પ્રદાન કરવા અને ખાસ કરીને પીવીટીજી જૂથો માટે સ્વાસ્થ્ય સંબંધિત મુદ્દાઓ, જેમ કે સિકલ સેલ રોગ માટે સ્ક્રીનિંગ પરીક્ષણો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.
- પેમ્ફલેટ્સ, વીડિયો, ક્રિએટિવ્સ, ઇન્ફોગ્રાફિક્સ વગેરે જેવી જાગૃતિ સામગ્રીનો ઉપયોગ સ્થાનિક અને આદિવાસી ભાષાઓમાં થવાની અપેક્ષા છે.
- મુખ્ય પીએમ-જનમન સંદેશા સાથેની થિમેટિક વોલ પેઈન્ટિંગ્સ ખાનગી માલિકીના રહેઠાણોને શણગારશે.
- શિષ્યવૃત્તિ, માતૃત્વ લાભ યોજનાઓ, કિસાન ક્રેડિટ કાર્ડ, કિસાન સન્માન નિધિ, એસસીડીના દર્દીઓ માટે વિકલાંગતા પ્રમાણપત્રો વગેરે જેવી વિવિધ યોજનાઓ હેઠળનો લાભ યોગ્ય પી.વી.ટી.જી. લાભાર્થીઓ સુધી પહોંચે તે માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવશે.
- યોજનાના લાભાર્થીઓ અને સિદ્ધિઓ સમુદાયના અન્ય સભ્યોને આગળ આવવા માટે પ્રેરિત કરવા માટે વિશેષ સત્રોમાં તેમની સફળતાની વાર્તાઓ જણાવશે.

આ અભિયાનની દેખરેખ માટે દરેક જિલ્લા માટે જિલ્લા સ્તરે અધિકારીઓને નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે રાજ્ય કક્ષાના અધિકારીઓ રાજ્ય સરકારોના વિવિધ લાઈન વિભાગો સાથે સંકલન કરીને આ અભિયાન અને મિશનની સફળતા સુનિશ્ચિત કરશે. તમામ સંબંધિત વિભાગોનો સમન્વય સુનિશ્ચિત કરવા માટે નિયમિત અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ કન્સલ્ટન્ટ્સ અને અન્ય કરાર આધારિત કર્મચારીઓ માટે સૌથી નીચલા સ્તર સુધીના ઓરિએન્ટેશન વર્કશોપનું આયોજન કરવામાં આવશે. ઉપરાંત,વિવિધ રાજ્યોમાં આદિજાતિ સંશોધન સંસ્થાઓ જિલ્લા, બ્લોક અને આદિજાતિ વસવાટના સ્તરે આ પ્રવૃત્તિઓના આયોજન અને અમલીકરણમાં મદદ કરશે.

મિશનનો ઉદ્દેશ્ય

પીએમ-જનમન મિશન અનુસૂચિત જનજાતિઓ માટે વિકાસ કાર્યયોજના (ડીએપીએસટી) અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪થી ૨૦૨૫-૨૬ સુધી રૂ. ૨૪,૧૦૪ કરોડ (કેન્દ્રનો હિસ્સો: રૂ. ૧૫,૩૩૬ કરોડ અને રાજ્યનો હિસ્સો: રૂ. ૮,૭૬૮ કરોડ)નાં અંદાજપત્રીય ખર્ચ સાથે સંબંધિત ૧૧ મહત્ત્વપૂર્ણ હસ્તક્ષેપો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

અન્ય યોજનાઓ અને મંત્રાલયો/વિભાગોને સાંકળતા અન્ય ૧૦ હસ્તક્ષેપોની પણ ઓળખ કરવામાં આવી છે, જે પીવીટીજીના સંપૂર્ણ વિકાસને સુનિશ્ચિત કરવા માટે મહત્ત્વપૂર્ણ છે, જેમ કે આધારમાં નોંધણી, સામુદાયિક પ્રમાણપત્રો ઈશ્યૂ કરવા, પીએમ-જનધન યોજના,પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના,આયુષ્માન કાર્ડ, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ, કિસાન ક્રેડિટ કાર્ડ, વ્યક્તિગત અને સામુદાયિક વન અધિકારોનાં પેન્ડિંગ કેસોનું સમાધાન વગેરે.

૧૫ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ યોજાયેલી રાષ્ટ્રીય મંથન શિબિર દરમિયાન, મિશનના અમલીકરણની વ્યૂહરચના પર ચર્ચા કરવામાં આવી હતી, જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોના ૭૦૦ થી વધુ અધિકારીઓએ સંયુક્ત રીતે મનોમંથન કર્યું હતું. ત્યારબાદ, પીએમ-જનમન હેઠળ હાથ ધરવામાં આવેલી પ્રવૃત્તિઓની પ્રગતિની સમીક્ષા કરવા માટે આ વર્ષે ૧૮-૧૯ જુલાઈ, ૨૦૨૪ના રોજ રાજ્યના આદિજાતિ કલ્યાણ વિભાગોના મુખ્ય સચિવો, સચિવો, નિયામકો અને અધિકારીઓ સાથે બે દિવસીય મંથન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પીએમ-જનમનના બીજા તબક્કા માટે નવી પહેલો પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

સર પી ટી સાયન્સ કોલેજમાં વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસની ઉજવણી

કમલમ્ ન્યુઝ, ધાર્મિક ભટ્ટ

ધીમ.લા ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત સાયન્સ કોલેજના શોધ ઈન્ક્યુબેશન કેન્દ્રમાં સાયન્સ કોલેજ તથા સ્વદેશી જાગરણ મંચ અરવલ્લીના સંયુક્ત ઉપક્રમે વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સ્વદેશી જાગરણ મંચના કાર્યકર્તાઓ કાર્યક્રમને પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં નિષ્ણાંત વ્યાખ્યાનો અને વર્કશોપ યોજવામાં આવ્યા હતા. દીપ ચૌહાણએ થ્રીડી પ્રિન્ટર વિશે વિસ્તૃત માહિતી આપી હતી. પ્રા. જી.એલ.વેકરીયાએ સરકારના SSIP દ્વારા આત્મનિર્ભર ભારત થવા માટેના પ્રયાસોનું પીપીટી દ્વારા પ્રેઝન્ટેશન કરેલું હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાન પ્રિ. ડૉ.કે.પી. પટેલએ યુવાનોને વિજ્ઞાન અને ટેકનોલોજી દ્વારા રોજિંદા જીવનમાં સ્વદેશી તરફ જવા અને ઉદ્યોગ સાહસિકતા વિશેના કૌશલ્ય વિશે જણાવ્યું હતું. અતિથિ વિશેષ સોમાભાઈ બારોટ પ્રસંગિક ઉદબોદન આપ્યું હતું. આ પ્રસંગે મંડળના પ્રમુખ શ્રી નવીનચંદ્ર આર મોદી, ઉપપ્રમુખ શ્રી સુભાષભાઈ શાહે અભિનંદન પાઠવ્યા હતા.

MAB કોલેજ,કતારગામમાં શૈક્ષણિક પ્રતિભાશાળી અને ઉલ્લેખ સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,

મહાજન અનાથ બાલાશ્રમ ટ્રસ્ટ સંચાલિત એમ.એ.બી. કોલેજ ઓફ કોમર્સ, એમ.એ.બી. કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન અને એમ.એ.બી. કોલેજ ઓફ મેનેજમેન્ટ કતારગામમાં બી.કોમ. માં શૈક્ષણિક પ્રતિભાશાળી અને ઉલ્લેખ સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ કોલેજ કેમ્પસમાં તા. ૨૩-૦૮-૨૦૨૪નાં રોજ યોજાયો હતો કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય, પ્રાર્થના અને સ્વાગત નૃત્યથી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે મેયરશ્રી શ્રી દક્ષેશભાઈ માવાણી અને પ્રિ. ડૉ. શ્રી. કે. એન. ચાવડા (કુલપતિશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી), મહાજન અનાથ બાલાશ્રમ ટ્રસ્ટના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ કતારગામ, ઉપપ્રમુખ જાસ્મીનબેન મહેતા, મંત્રીશ્રી જયંતીભાઈ લાપસીવાળા તથા મંત્રીશ્રી અશ્વિનભાઈ આર. પટેલ, ટ્રસ્ટીશ્રી સ્નેહાબેન જરીવાલા અને શ્રી ભુપેન્દ્રભાઈ હળવાવાલા તથા ડૉ. મુકેશ ગોયાણી (અમરોલી કોલેજ આચાર્ય) હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રા.વિરલ પટેલે મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી મહેમાનોનો પરિચય આપ્યો હતો. ઈનામ વિતરણ કાર્યક્રમને ઉપલક્ષીને પ્રિ.ડૉ.શ્રી કે.એન.ચાવડા તેમજ મેયરશ્રી શ્રી દક્ષેશભાઈ માવાણીએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. તેમજ ૭૦ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ, તેમજ ટ્રોફી આપી પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન કોલેજના અધ્યાપક ગણ, વહીવટી સ્ટાફ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમના અંતે આભાર વિધિ પ્રા. વિરલ પટેલે કરી હતી. રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમ સમાપન કરવામાં આવ્યો હતો.

સર પી ટી સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓએ પ્રથમ રાષ્ટ્રીય અંતરીક્ષ દિવસની ઉજવણી કરી



કમલમ્ ન્યુઝ, ધાર્મિક ભટ્ટ

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ ગત વર્ષે ભારત દ્વારા ચંદ્રપર સફળ ઉતરાણ બાદ ૨૩ ઓગસ્ટ રાષ્ટ્રીય અંતરીક્ષ દિવસ ઉજવવાનું એલાન કરવામાં આવ્યું હતું. શ્રી મ લા ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત સર પી ટી સાયન્સ કોલેજના આચાર્યશ્રી,અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ યુટ્યુબ લાઈવ પ્રસારણમાં જોડાઈ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કોલેજના પ્રિન્સિપાલ ડો કે પી પટેલ ના માર્ગદર્શન હેઠળ ફિઝિક્સ ડિપાર્ટમેન્ટના ડો આર એચ પરમાર અને ડો જી એલ વેકરીયા આયોજન કરેલ હતું . સફળ આયોજન બદલ કેળવણી મંડળના પ્રમુખ શ્રી નવીનચંદ્ર આર મોદી અને ઉપપ્રમુખ સુભાષભાઈ શાહે વિદ્યાર્થીઓ તથા કોલેજ ટીમને અભિનંદન આપ્યા હતા.

મહુવા તાલુકામાં માઈક્રોફાઈલેરીયા માટે નાઈટ બ્લડસર્વેની કામગીરી કરવામાંઆવી

કમલમ્ ન્યુઝ, મયુર પટેલ

NVBDCP- એલીમીનેશન ઓફ લિમ્ફેટીક ફાઈલેરીયાસીસ પ્રોગ્રામ અંતર્ગત કન્ફર્મેટરી મેપિંગ બાબતે માનનીય મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. અનિભાઈ પટેલ,માનનીય જિલ્લા મેલેરીયા અધિકારી શ્રી ડો. પ્રશાંતભાઈ સેલર, સુરત તેમજ માનનીય તાલુકા આરોગ્ય અધિકારી શ્રી ડો. મનોજભાઈ ચૌધરી ના માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ મહુવા તાલુકામાં પ્રા.આ.કેન્દ્ર ગુણસવેલના વિસ્તારમાં બામણીયા ગામ માઈક્રોફાઈલેરીયા માટે નાઈટ બ્લડ સર્વેની કામગીરી કરવામાં આવી.આ કામગીરી અંતર્ગત મેડીકલ ઓફિસર ડૉ.ભાવેશભાઈ ચૌધરીના ફિલ્ડમા સુપરવિઝન હેઠળ બામણીયા ગામમાં આશા બહેનો, મ.પ.હે.વર્કર; ફિ.હે.વર્કર તથા સી.એચ.ઓ ની પ ટીમ બનાવી બામણીયા ગામમાં ડેરી ફળિયુ, નવું ફળિયુ, હળપતિવાસ, મહેતા ફળિયુ,દાણીવલ્લી, બામણીયા ચોકડી તથા અન્ય વિસ્તારોમાંથી કુલ ૩૦૦ જેટલા વ્યક્તિઓના બ્લડ સેમ્પલ માઈક્રોફાઈલરરિયા ની તપાસ માટે લેવામાં આવ્યા હતા. આ નાઈટ બ્લડ સર્વેની કામગીરીમાં ગ્રામજનોના સહકારથી કાર્યક્રમ સફળ બન્યો હતો.

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા "ક્રિએટ ઇન ઇન્ડિયા ચેલેન્જ- સીઝન ૧" હેઠળ WAVES માટે ૨૫ પડકારોનો શુભારંભ

સર્જકોનું અર્થતંત્ર, આપણા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને જીવનશૈલીને પ્રદર્શિત કરવા માટેનું એક અદ્‌ભુત સાધનઃ શ્રી. અશ્વિની વૈષ્ણવ

સરકાર એક વૈશ્વિક કક્ષાની યુનિવર્સિટી અને સુવિધાઓની સ્થાપના કરવા પર કામ કરી રહી છે, જે સર્જકોની ક્ષમતાઓમાં વધારો કરશે

ફિલ્મ ક્ષેત્રમાં નવી ટેકનોલોજી અને સાધનોનો ઉપયોગ કરવાનો વિશાળ અવકાશ છે; આમાંથી ૨-૩ લાખ નવી રોજગારી શક્ય છે: કેન્દ્રીય મંત્રી કેન્દ્રીય મંત્રી

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી (માહિતી અને પ્રસારણ મંત્રી) શ્રીઅશ્વિની વૈષ્ણવે આજે વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ (વેવ્સ) માટે 'ક્રિએટ ઇન ઇન્ડિયા ચેલેન્જ - સિઝન ૧' નાં ભાગરૂપે ૨૫ પડકારોનો શુભારંભ કર્યો હતો. લોન્ચ પ્રસંગે શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે, આજનું પ્રક્ષેપણ આપણા વિકસતા અને વિકસતા અર્થતંત્રનું પ્રતિબિંબ છે. સંપૂર્ણપણે નવા સર્જકોનું અર્થતંત્ર ઊભું કરવામાં આવ્યું છે અને તેને ભારતના પ્રધાનમંત્રીએ પણ માન્યતા આપી છે, જે માર્ચ, ૨૦૨૪માં તેમણે પ્રસ્તુત કરેલા સૌપ્રથમ રાષ્ટ્રીય સર્જકોના પુરસ્કારમાં પ્રતિબિંબિત થાય છે.

વિકસતા સર્જકોનું અર્થતંત્ર: તકો, માળખાગત સુવિધાઓ અને રોજગારીનું સર્જન

આ અર્થતંત્રમાં પ્રચૂર સંભવિતતા પર પ્રકાશ પાડતા કેન્દ્રીય મંત્રીએ ઉલ્લેખ કર્યો હતો કે, સર્જકોનું અર્થતંત્ર આપણી સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત, જીવનશૈલી, યોગ, પરંપરાગત ચિકિત્સા પ્રણાલી અને આપણી વાનગીઓમાં વિવિધતાને પ્રદર્શિત કરવા માટે એક અદ્ભુત સાધન બની ગયું છે. ભારત સરકાર આ અર્થવ્યવસ્થાને પ્રોત્સાહિત કરવામાં કોઈ કસર છોડતી નથી અને એટલા માટે આપણે આ ક્ષેત્રમાં પ્રતિભા અને કૌશલ્ય વિકાસ તથા જરૂરી માળખાગત સુવિધાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાની જરૂર છે. આ સર્જકોના અર્થતંત્રને વધુ વિકસિત કરવા માટે, સરકાર વિશ્વ-કક્ષાના પ્રતિભા વિકાસ કાર્યક્રમો અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, વિશ્વકક્ષાની યુનિવર્સિટીઓ અને સુવિધાઓ સ્થાપિત કરવાની યોજના છે, જે માધ્યમો અને મનોરંજનમાં સર્જકોની ક્ષમતાઓમાં વધારો કરશે.

ફિલ્મ નિર્માણમાં નવી ટેકનોલોજીનો ઉપયોગ: રોજગારીનું સર્જન

ફિલ્મ નિર્માણ એ આપણી એક તાકાત છે એ વાત પર ભાર મૂકતાં શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, આજના યુગમાં આ ક્ષેત્રમાં નવી ટેકનોલોજી અને સાધનોનો ઉપયોગ કરવાનો મોટો અવકાશ છે, જેથી રોજગારીનું સર્જન કરવા માટે સારો અવકાશ સુનિશ્ચિત થાય છે. એક અંદાજ મુજબ જો આ કાર્યક્રમનો સફળતાપૂર્વક અમલ કરવામાં આવે તો આ ક્ષેત્રમાં ૨-૩ લાખ રોજગારીનું સર્જન થઈ શકે છે.

સામાજિક જવાબદારી

આ સાથે જ કેન્દ્રીય મંત્રીએ એ પણ યાદ અપાવ્યું કે આ યાત્રામાં આપણા સમાજને નુકસાન ન પહોંચે તેનું આપણે ધ્યાન રાખવાનું છે અને જવાબદારી માત્ર સરકાર જ નહીં પરંતુ સમાજ, ઉદ્યોગ અને આપણા બધાની છે. તેમણે ઉમેર્યું હતું કે, આ ક્ષેત્રમાં પ્રચૂર સંભવિતતાનો લાભ ઉઠાવવા માટે વેવ્સનું આયોજન કરવામાં આવ્યું છે અને ભવિષ્યમાં તે એક મોટી ઘટના તરીકે ઊભરી આવશે. માહિતી અને પ્રસારણ મંત્રાલયનાં સચિવ શ્રી સંજય જાજુ, માહિતી અને પ્રસારણ મંત્રાલયનાં અધિક સચિવ સુશ્રી નીરજા શેખર, ફિક્કીનાં ડાયરેક્ટર જનરલ શ્રીમતી નીરજા શેખર, મીડિયા અને મનોરંજન પર સીઆઈઆઈની રાષ્ટ્રીય સમિતિનાં વાઇસ ચેરમેન સુશ્રી જ્યોતિ વિજ, મીડિયા અને મનોરંજન પરનાં સીઆઈઆઈનાં વાઇસ ચેરમેન શ્રી બિરેન ઘોસે પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

'ડિઝાઇન ઇન ઇન્ડિયા, ડિઝાઇન ફોર ધ વર્લ્ડ'

આ પ્રસંગે બોલતા શ્રી સંજય જાજુએ ઉલ્લેખ કર્યો હતો કે, આ પહેલ ભારતની રચનાત્મક ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા અને તેને ઉન્નત કરવાના અમારા ચાલુ મિશનમાં નોંધપાત્ર સીમાચિહ્નરૂપ છે. તેમણે ઉમેર્યું હતું કે, "તે આપણાં પ્રધાનમંત્રીના 'ડિઝાઇન ઇન ઇન્ડિયા, ડિઝાઇન ફોર ધ વર્લ્ડ'નાં વિઝનરી કોલ સાથે સુસંગત છે, જે તેમનાં ૭૮માં સ્વતંત્રતા દિવસનાં સંબોધન દરમિયાન વ્યક્ત કરવામાં આવ્યું હતું." આપણા દેશમાં પ્રચૂર સંભવિતતા અને પ્રતિભા પર પ્રકાશ પાડતા તેમણે જણાવ્યું હતું કે, વેવ્સ આ સંભવિતતાનો પુરાવો છે અને તે એક વૈશ્વિક મંચ તરીકે સેવા આપશે, જ્યાં દુનિયાભરના તેજસ્વી દિમાગ, સૌથી પ્રતિભાશાળી સર્જકો અને સ્વપ્નદ્રષ્ટા નેતાઓ જ્ઞાનનું આદાનપ્રદાન કરવા, વિચારોનું આદાનપ્રદાન કરવા અને સર્જનાત્મકતાની સીમાઓને આગળ વધારવા માટે એકરૂપ થશે.

ક્રિએટ ઇન ઇન્ડિયા ચેલેન્જ -સિઝન ૧'

અગ્રણી ઔદ્યોગિક સંગઠનો અને સંગઠનો દ્વારા સંચાલિત આ પડકારો એનિમેશન, ફિલ્મ નિર્માણ, ગેમિંગ, સંગીત અને વિઝ્યુઅલ આર્ટ્સ સહિત વિવિધ શાખાઓને આવરી લે છે. આ પડકારો મુખ્ય કાર્યક્રમની દોડમાં કરવામાં આવી રહ્યા છે. 'ક્રિએટ ઇન ઇન્ડિયા' ચેલેન્જિસની યાદી - સિઝન ૧

૧. મીડિયા એન્ડ એન્ટરટેઈનમેન્ટ એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા એનાઈમ ચેલેન્જ
૨. એનિમેશન ફિલ્મ નિર્માતાઓ ડાન્સિંગ એટમ્સ દ્વારા સ્પર્ધા
૩. ઈન્ડિયા ગેમ ડેવલપર કોન્ફરન્સ દ્વારા ગેમ જામ
૪. એસ્પોર્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા એસ્પોર્ટ્સ ટુર્નામેન્ટ
૫. સિટી ક્વેસ્ટઃ શેડ્સ ઓફ ભારત બાય ઈ-ગેમિંગ ફેડરેશન
૬. ઈન્ડિયન ડિજિટલ ગેમિંગ સોસાયટી દ્વારા હાથવગી શૈક્ષણિક વીડિયો ગેમ ડેવલપમેન્ટ
૭. ઈન્ડિયન કોમિક્સ એસોસિએશન દ્વારા કોમિક્સ ક્રિએટર ચેમ્પિયનશિપ
૮. ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને વ્હિસલિંગ વુડ્સ ઈન્ટરનેશનલ દ્વારા યંગ ફિલ્મમેકર્સ ચેલેન્જ
૯. વેવલેપ્સ અને XDG દ્વારા XR સર્જક હેકાથોન
૧૦. ઈન્વિડિયો દ્વારા એઆઈ ફિલ્મ નિર્માણ સ્પર્ધા
૧૧. વેવ્સ પ્રોમો વીડિયો ચેલેન્જ ઈન્ડિયન બ્રોડકાસ્ટિંગ એન્ડ ડિજિટલ ફાઉન્ડેશન
૧૨. ઈન્ડિયા સેલ્યુલર એન્ડ ઈલેક્ટ્રોનિક્સ એસોસિએશન દ્વારા ટૂથટેલ હેકેથોન
૧૩. કોમ્યુનિટી રેડિયો એસોસિએશન દ્વારા કોમ્યુનિટી રેડિયો કન્ટેન્ટ ચેલેન્જ
૧૪. ભારતીય સંગીત ઉદ્યોગ દ્વારા થીમ સંગીત સ્પર્ધા
૧૫. વેવ્સ હેકેથોન: એડ્વર્ટાઈઝિંગ એજન્સીઝ એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા એડવર્ટાઈઝિંગ ઓપ્ટિમાઈઝર
૧૬. ઈન્ટરનેટ અને મોબાઈલ એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા વેવ્સ એઆઈઆર્ટ ઈન્સ્ટોલેશન ચેલેન્જ
૧૭. ઈન્ટરનેટ એન્ડ મોબાઈલ એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા વેવ્સ એક્સપ્લોર
૧૮. ઈન્ટરનેટ એન્ડ મોબાઈલ એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા રીલ મેકિંગ ચેલેન્જ
૧૯. ફિલ્મ પોસ્ટર મેકિંગ કોમ્પિટિશન નેશનલ ફિલ્મ આર્કાઈવ ઓફ ઈન્ડિયા—નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન
૨૦. એવીટીઆર મેટા લેબ્સ દ્વારા વર્ચ્યુઅલ ઈન્ફ્લુએન્સર ક્રિએશન કોન્ટેસ્ટ
૨૧. પ્રસાર ભારતી દ્વારા બેન્ડ્સની લડાઈ
૨૨. પ્રસાર ભારતી દ્વારા સિમ્ફની ઓફ ઈન્ડિયા
૨૩. ભારત: બ્રોડકાસ્ટ એન્જિનિયરિંગ કન્સલ્ટન્ટ્સ ઈન્ડિયા લિમિટેડ દ્વારા એક બર્ડ્ઝ આઈ વ્યૂ
૨૪. કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી દ્વારા એન્ટિ-પાઈરેસી ચેલેન્જ
૨૫. ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ટ્રેલર મેકિંગ કોમ્પિટિશન

પડકારો માટે રજિસ્ટ્રેશન ટૂંક સમયમાં ખુલશે. વધુ વિગતો માટે, કૃપા કરીને વેબસાઇટ wavesindia.org ની મુલાકાત લો

આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ અને વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ અમરોલી કોલેજમાં જન્માષ્ટમીનો પ્રોગ્રામ યોજાયો હતો

કમલમ્ ન્યુઝ,

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ. શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં

તા. ૨૩/૦૮/૨૦૨૪ નાં રોજ જન્માષ્ટમી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ કૃષ્ણ જીવનના ચરિત્રની ઝાંખી નાટક સ્વરૂપે પ્રસ્તુત કરી ઉત્સાહભેર ભાગલઈને જન્માષ્ટમી ઉત્સવને ઉજવ્યો હતો.

આ જન્માષ્ટમી ઉત્સવમાં શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફએ પણ ઉત્સાહભેર ભાગલીધો હતો. સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી તથા કોમર્સનાં કોર્ડીનેટર પ્રાધ્યાપક ભરત બસરાનીના માર્ગદર્શન હેઠળ થયું. ઉત્સવનું આયોજન કોલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયણીનાં નેતૃત્વમાં અને સફળ સંચાલન ડૉ. હૈમાદ્રીટીકાવાલા અને પ્રાજ્યોતિકા ટેલર દ્વારા કરવામાંઆવ્યું હતું.

પાંચ વર્ષના સમયગાળા માટે એમઓયુ પર હસ્તાક્ષર

ડિપાર્ટમેન્ટ ઓફ એડમિનિસ્ટ્રેટિવ રિફોર્મ્સ (DARPG), ભારત સરકાર અને પબ્લિક સર્વિસ ડિપાર્ટમેન્ટ, પ્રધાનમંત્રી વિભાગ, મલેશિયા સરકાર વચ્ચે 'જાહેર વહીવટ અને ગવર્નન્સ રિફોર્મ્સના ક્ષેત્રમાં સહકાર' પર પાંચ વર્ષના સમયગાળા માટે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે

કમલમ્ ન્યુઝ,

વહીવટી સુધારણા અને જાહેર ફરિયાદ વિભાગ (DARPG), કર્મચારી મંત્રાલય, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલય, ભારત સરકાર અને જાહેર સેવા વિભાગ, પ્રધાનમંત્રી વિભાગ, મલેશિયા સરકારે ૨૦ ઓગસ્ટ, ૨૦૨૪થી પાંચ (૦૫) વર્ષના સમયગાળા માટે 'જાહેર વહીવટ અને શાસન સુધારાના ક્ષેત્રમાં સહકાર' પર એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. એમઓયુના વિનિમય માટેના આદાન પ્રદાન માટે ઔપચારિક સમારોહ ભારતના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને માનનીય મલેશિયાના પ્રધાનમંત્રી મહામહિમ દાતો સેરી અનવર બિન ઈબ્રાહિમની ઉપસ્થિતિમાં ૨૦ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ હૈદરાબાદ હાઉસ, નવી દિલ્હી ખાતે આયોજિત કરવામાં આવ્યો. સમજૂતીના મેમોરેન્ડમનો ઉદ્દેશ્ય છે કે બંને દેશો ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા નાગરિક કેન્દ્રિત સેવાઓ પ્રદાન કરવા ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા જાહેર સેવાઓની અસરકારક ડિલિવરી માટે સરકારી પ્રક્રિયા સરળીકરણ અને પુનર્રચના; જાહેર સેવાઓના વિતરણમાં પારદર્શિતા અને જવાબદારીને પ્રોત્સાહન આપવું; માનવ સંસાધન વ્યવસ્થાપન/નેતૃત્વ વિકાસ; જાહેર ક્ષેત્રનું સંચાલન અને સુધારા; જાહેર ફરિયાદ નિવારણ પદ્ધતિ; અને ઈ-ગવર્નન્સ/ડિજિટલ સરકાર જેવા ક્ષેત્રોમાં સહકારને પ્રોત્સાહિત કરવા અને પ્રોત્સાહન આપવા માટે જરૂરી પગલાં લેવાનો પ્રયાસ કરશે. એમઓયુના નેજા હેઠળ સહકારના અમલીકરણ માટે જવાબદાર સંયુક્ત કાર્યકારી જૂથની સ્થાપના કરવામાં આવશે.

મધ્યકાલીન યુગની હજારો રચનાઓ તારવવામાં આવી, હવે સંશોધન થશે

ગુજરાતના મધ્યકાલીન ભક્ત કવિઓના ગહન વારસાને સાચવવાનો રાજ્ય સરકારનો અનોખો પ્રયાસ

જુનાગઢમાં નરસિંહ મહેતા આંતરરાષ્ટ્રીય સંશોધન કેન્દ્ર વર્ષ ૨૦૨૫ અંત સુધીમાં નિર્માણ પામશે

કમલમ્ ન્યુઝ, ગાંધીનગર

ગુજરાતી સાહિત્યના આદ્ય કવિ 'નર્મદ'ના જન્મદિવસે ૨૪ ઓગસ્ટના રોજ વિશ્વ ગુજરાતી ભાષા દિવસની ઉજવણી કરવામાં આવે છે. ગુજરાતના ગહન આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાને સંરક્ષિત કરવાની દિશામાં, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે આ વર્ષે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આપણા અમૂલ્ય વારસા સાથે સંકળાયેલા ગુજરાતના મધ્યકાલીન કવિઓની હસ્તપ્રતો અને રચનાઓને સંરક્ષિત કરવા માટે ભક્ત કવિ નરસિંહ મહેતા આંતરરાષ્ટ્રીય સંશોધન કેન્દ્રની સ્થાપના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રૂ.૧૫ કરોડના ખર્ચે જુનાગઢમાં ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી પરિસરમાં પાંચ એકર વિસ્તારમાં આ સંશોધન કેન્દ્રની સ્થાપના કરવામાં આવી રહી છે. ફેબ્રુઆરી ૨૦૨૪માં પ્રવાસન અને સાંસ્કૃતિક વિભાગના મંત્રી શ્રી મુળુભાઈ બેરાના હસ્તે સંશોધન કેન્દ્રના ભવનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં આ કેન્દ્રની કામગીરી પૂર્ણ થશે.

મધ્યકાલીન યુગની હજારો રચનાઓ તારવવામાં આવી

આ પ્રોજેક્ટ અંગે વધુ માહિતી આપતા ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડૉ ભાગ્યેશ જહાએ જણાવ્યું કે, "મધ્યકાળમાં જેટલું કામ ગુજરાતી ભાષામાં થયું છે, તેટલું કોઈ ભારતીય ભાષાઓમાં નથી થયું. એ કામ બહાર લાવવું ખૂબ જ જરૂરી છે. એ સમયના નરસિંહ મહેતા, મીરાંબાઈ, પ્રેમાનંદ, ભાલણ, અખો, દયારામ, ગંગાસતી-પાનબાઈ સહિતના કવિઓ અને ભક્તોનો એક સમૃદ્ધ વારસો છે. મધ્યકાલીન યુગની જ વાત કરીએ તો અત્યાર સુધી અલગ અલગ હજારો રચનાઓ અમે તારવી છે. આ સંશોધન કેન્દ્રના માધ્યમથી તે પદો ઉકેલીને તેનું યોગ્ય અર્થઘટન કરવામાં આવશે અને વર્તમાન સાપેક્ષમાં તેને રજૂ કરવામાં આવશે જેથી તે વર્તમાન અને ભવિષ્યની પેઢી સુધી પહોંચે."

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું મ્યુઝીયમ બનશે

આ સંશોધન કેન્દ્રમાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું મ્યુઝીયમ બનાવવામાં આવશે. આ મ્યુઝીયમમાં મધ્યકાલીન હસ્તપ્રતો અને તેની રેપ્લિકાઓ, વર્ચ્યુઅલ રિયાલીટીના માધ્યમથી સાહિત્ય અને કૃતિ – કર્તાનું નિદર્શન, સાહિત્યકારોના જીવનકવન તેમજ મધ્યકાલીન પુસ્તકોને ડિજિટલ તથા ઓડિયો અને વીડિઓ સ્વરૂપે દર્શાવવામાં આવશે. ભારતમાં કોઈ ભાષાના આદિકવિનું આધુનિક મ્યુઝીયમ નથી. આ દૃષ્ટિએ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું મ્યુઝીયમ આ પ્રકારનું પ્રથમ મ્યુઝીયમ હશે. આ ઉપરાંત આ કેન્દ્રમાં સંશોધન કક્ષ, ઈ લાઈબ્રેરી, ગ્રંથ મંદિર અને ઓડીટોરીયમનું પણ નિર્માણ કરવામાં આવશે.

યુવાનો માટે 'કાફેમાં કવિતા'

આજના સમયમાં યુવાનોને ગુજરાતી સાહિત્ય તરફ આકર્ષિત કરવા માટે ગુજરાત સાહિત્ય અકાદમીના માર્ગદર્શન હેઠળ કાફેમાં કવિતા કાર્યક્રમ ચલાવવામાં આવે છે. ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડૉ.જયેન્દ્રસિંહ જાદવે આ નવી પહેલ વિશે જણાવતા કહ્યું કે, "સામાન્ય રીતે આજના યુવાનો કાફેમાં ઘણો સમય પસાર કરતા હોય છે. તેથી અમે વિચાર્યું કે સાહિત્યને જ યુવાનો સુધી લઈ જઈએ. એટલા માટે 'કાફેમાં કવિતા' કાર્યક્રમની શરૂઆત કરી. આ કાર્યક્રમ રાજ્યના અલગ અલગ શહેરોમાં થાય છે અને યુવાનો તેમાં ખૂબ જ ઉત્સાહથી ભાગ લઈ રહ્યા છે."

સંશોધન કાર્ય અને પોસ્ટેજ સ્ટેમ્પમાં રસ માટે ટપાલ વિભાગ "દીન દયાલ સ્પર્શ યોજના" શિષ્યવૃત્તિ આપશે - પોસ્ટમાસ્તર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવ

"દીન દયાલ સ્પર્શ યોજના" શિષ્યવૃત્તિ પરીક્ષામાં બેસવા માટેની અરજીની છેલ્લી તારીખ ૧૮ મી સપ્ટેમ્બર નક્કી કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,

શિક્ષણ પ્રણાલીમાં ફિલાટેલીને પ્રોત્સાહન આપવા અને મુખ્ય પ્રવાહમાં લાવવાના ઉદ્દેશ્ય સાથે, પોસ્ટ વિભાગ વિદ્યાર્થીઓ માટે "દીન દયાલ સ્પર્શ યોજના" (શોખ તરીકે સ્ટેમ્પ્સમાં યોગ્યતા અને સંશોધનને પ્રોત્સાહન આપવા માટે શિષ્યવૃત્તિ) પ્રદાન કરશે. આ સંદર્ભે માહિતી આપતાં ઉત્તર ગુજરાત ક્ષેત્ર, અમદાવાદના પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૭ થી શરૂ થયેલ આ યોજનામાં ધોરણ ૬ થી ૯ વર્ગના બાળકો માટે યોજના શરૂ કરવામાં આવેલ છે. જેમાં હોશિયાર વિદ્યાર્થીઓ જેમની પાસે સારો શૈક્ષણિક રેકોર્ડ છે અને જેમણે એક શોખ તરીકે ફિલાટેલીને અપનાવી છે તેઓને વાર્ષિક રૂ. ૬૦૦૦/-ની શિષ્યવૃત્તિ મળવાપાત્ર છે. આ શિષ્યવૃત્તિ યોજનામાં લાભાર્થીઓની પસંદગી માટે આયોજિત પરીક્ષામાં બેસવા માટે નિયત ફોર્મેટમાં અરજી કરવાની છેલ્લી તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૨૦૨૪ છે. પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે આ અંતર્ગત, અખિલ ભારતીય સ્તરે દરેક પોસ્ટલ સર્કલ કાર્યાલય ધ્વારા ધોરણ ૬, ૭, ૮ અને ૯ ના દરેક ના એવા ૧૦ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પ્રદાન કરાશે. મહત્તમ ૪૦ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પ્રદાન કરાશે. શિષ્યવૃત્તિની રકમ દર મહિને રૂ. ૫૦૦/-ના દરે પ્રતિ વર્ષ રૂ. ૬૦૦૦/- હશે, જે ત્રિમાસિક ધોરણે ચૂકવવાપાત્ર રહેશે. પોસ્ટ માસ્ટર જનરલ શ્રી યાદવે જણાવ્યું હતું કે શિષ્યવૃત્તિ માટે પાત્ર બનવા માટે, વ્યક્તિએ ભારતમાં માન્યતા પ્રાપ્ત શાળાનો વિદ્યાર્થી હોવો આવશ્યક છે. સંબંધિત શાળામાં ફિલાટેલી ક્લબ હોવી જોઈએ અને ઉમેદવાર ક્લબનો સભ્ય હોવો જોઈએ. જો શાળા પાસે ફિલેટી ક્લબ ન હોય, તો તે શાળાના તે વિદ્યાર્થીઓના નામ કે જેઓનું પોતાનું ફિલેટી ડિપોઝીટ ખાતું છે તે પણ ધ્યાનમાં લઈ શકાય છે. પોસ્ટ ઓફિસમાં ઓછામાં ઓછા રૂ. ૨૦૦ સાથે ફિલેટી ડિપોઝીટ ખાતું ખોલાવી શકાય છે. શિષ્યવૃત્તિ માટે પસંદગી કરતી વખતે, તે ધ્યાનમાં રાખવું જોઈએ કે ઉમેદવારે છેલ્લી અંતિમ પરીક્ષામાં ઓછામાં ઓછા ૬૦ ટકા ગુણ અથવા સમકક્ષ ગ્રેડ/ગ્રેડ પોઈન્ટ્સ મેળવ્યા હોવા જોઈએ. SC/ST ઉમેદવારો માટે ૫ ટકા છૂટછાટ હશે. પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે શિષ્યવૃત્તિ માટે પ્રથમ વિભાગીય સ્તરની લેખિત ક્વિઝ ૩૦ સપ્ટેમ્બરના રોજ યોજવામાં આવશે, જેમાં ૫૦ વૈકલ્પિક પસંદગીના પ્રશ્નો (MCQ) પૂછવામાં આવશે. આમાં, સફળ વિદ્યાર્થીઓએ અંતિમ પસંદગી માટે નવેમ્બરના પ્રથમ સપ્તાહ સુધીમાં મહત્તમ ૫૦૦ શબ્દોમાં ૧૬ પોસ્ટેજ સ્ટેમ્પ્સ સાથે ફિલેટી પ્રોજેક્ટ જમા કરવાનો રહેશે. આ માટે સર્કલ કક્ષાએ પોસ્ટલ ઓફિસરો અને નામાંકિત ફિલાટેલિસ્ટની એક કમિટી પણ બનાવવામાં આવશે. અંતિમ પરિણામ ૩૦ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ જાહેર કરવામાં આવશે. પસંદ કરાયેલા વિદ્યાર્થીઓએ તેમના માતા-પિતા સાથે પોસ્ટ ઓફિસ અથવા ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકમાં સંયુક્ત ખાતું ખોલાવવું પડશે. પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે આ શિષ્યવૃત્તિનો ઉદ્દેશ્ય બાળકોમાં નાનપણથી જ ફિલેટલીની રુચિને પ્રોત્સાહિત કરવાનો છે જેથી તે એક રસપ્રદ પ્રવૃત્તિ બની જાય અને તેમને આરામનો અનુભવ અને તણાવમુક્ત જીવન પણ પ્રદાન કરે.

ગુજરાતમાં એક ગ્રામ પણ ડ્રગ્સ વેચાતુ હશે ત્યાં સુધી ગુજરાત સરકારની આ ડ્રગ્સ સામેની જંગ ચાલુ રહેશે: ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી

ગુજરાત પોલીસે એક વર્ષમાં રૂ.૫૬૪૦ કરોડનું ડ્રગ્સ પકડી નાર્કોટિક્સના દૂષણથી રાજ્યના યુવાધનને બચાવવાની શ્રેષ્ઠ કામગીરી કરી છે: ૪૩૧ આરોપીઓ સામે ૩૧૭ ગુના દાખલ

કમલમ્ ન્યુઝ,
વિધાનસભાના સત્રના અંતિમ દિવસે આજે ૧૧૬ની નોટિસ પર ડ્રગ્સ પકડ્યા અંગેની ચર્ચા હતી. ખુલ્લા મનથી તમામ પ્રશ્નોના જવાબ આપવાની તૈયારી સાથે ગુજરાતમાં ડ્રગ્સ વિરૂધ્ધ કરવામાં આવેલી કાર્યવાહી સંદર્ભે ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, મંત્રી મંડળની રચના બાદ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ પ્રથમ કેબિનેટમાં જ ડ્રગ્સ સામેની મક્કમ લડાઈ લડવા નિર્ણય લેવાયો હતો. ત્યારથી આજદિન સુધી આ જંગ તેજ ગતિએ ચલાવવામાં આવીરહી છે. ગુજરાતમાં એક ગ્રામ પણ ડ્રગ્સ વેચાતુ હશે ત્યાં સુધી ગુજરાત સરકારની આ ડ્રગ્સ સામેની જંગ ચાલુ રહેશે. દુનિયામાં આજે ડ્રગ્સ ફેશન સ્ટેટમેન્ટ બની ગયું છે ત્યારે ગુજરાતનુ યુવાધન ડ્રગ્સના રવાડે ન ચઢી જાય તેની ખાસ તકેદારી સાથે જીવના જોખમે આ સમગ્ર ડ્રગ્સ નેક્સસ તોડવા ગુજરાત પોલીસ દિવસ રાત કાર્ય કરી રહી છે. ગુજરાત પોલીસદ્વારા રાજ્યના કચ્છ, વલસાડ, નવસારી સહિતના જિલ્લાઓના દરિયા કિનારેથી છેલ્લા ૧૫ દિવસમાં અંદાજિત રૂ.૮૫૦ કરોડનું ડ્રગ્સ પકડવામાં આવ્યું છે. જેના માટે ગુજરાત પોલીસ અને ગુજરાત એટીએસની ટીમ અભિનંદનને પાત્ર છે. મંત્રી શ્રી વધુમાં જણાવ્યું કે, રાજ્યમાં નશાબંધી કાયદા અંતર્ગત બનતા ગુનાઓને નાબૂદ કરવા રાજ્ય સરકારની પ્રાથમિકતા રહી છે. પાકિસ્તાન જેવા પડોશી દેશો દ્વારા ડ્રગ્સ સહિતના માદક પદાર્થો ગુજરાતમાં ઘુસાડવાના ઈરાદાઓ ગુજરાત પોલીસે નાકામિયાબ બનાવ્યા છે અને છેલ્લાએક વર્ષમાં એનડીપીએસ એક્ટ હેઠળ ૩૧૭ ગુના દાખલ કરી કુલ ૪૩૧ આરોપીઓને પકડી અંદાજે રૂ.૫૬૪૦ કરોડનોમુદ્દામાલ પકડી રાજ્યના યુવાધનને બચાવવાની શ્રેષ્ઠ કામગીરી કરી છે. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, વર્ષ-૨૦૨૪માં ગુજરાત એટીએસ દ્વારા દરિયાઈ વિસ્તારમાંથી રૂ. ૪૨૭ કરોડનું આશરે ૬૧ કિલો ડ્રગ્સ પકડવામાં આવ્યુ છે. ગુજરાત પોલીસની સતર્કતા અને સઘન પેટ્રોલીંગને કારણે દરિયાઈવિસ્તારમાં આવેલા નાના-મોટા લેન્ડિંગ પોઈન્ટ પર ૧૭૮ કરોડનું બિનવારસી ડ્રગ્સ પકડવામાં પણ ગુજરાત પોલીસ સફળ રહી છે. ગુજરાત પોલીસથી આંતરરાષ્ટ્રીય ડ્રગમાફિયાઓ થથરે છે એટલે જ ગુજરાત પોલીસની બોટ દેખાતા જ ડ્રગ દરિયામાં નાખી દેવામાં આવ્યા આ પેકેટો દરિયા કિનારેથીબિનવારસી મળી આવે છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ડ્રગ્સ પકડવાની કામગીરીમાં રોકાયેલી અલગ-અલગ એજન્સીઓએકબીજાના સંકલનમાં રહી સમગ્ર રાજ્યમાં એક ટીમ તરીકે કામ કરી શકે તે માટે ગૃહ મંત્રાલયની અધ્યક્ષતા રાજ્ય કક્ષાએ સમયાંતરે NCORDની બેઠકનુંઆયોજન કરવામાંઆવે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રૂ. ૩૫૦ કરોડની માતબર રકમનું કૃષિ રાહત પેકેજ જાહેર કરતા કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ

ગુજરાતમાં જુલાઈ-૨૦૨૪ મહિનામાં વરસેલા ભારે વરસાદથી નુકશાનગ્રસ્ત વિસ્તારના ખેડૂતો માટે કૃષિ રાહત-સહાય પેકેજ જાહેર

અસરગ્રસ્ત ખેડૂતોને SDRF ના નિયમો પ્રમાણે તેમજ નુકશાનની તીવ્રતાને ધ્યાને લઇ રાજ્ય ભંડોળમાંથી વધારાની ટોપ-અપ સહાય અપાશે: કૃષિ મંત્રીશ્રી

- રાજ્યના ૯ જિલ્લાના ૪૫ તાલુકાનો આશરે ૪,૦૬,૮૯૨ હેક્ટર વિસ્તાર અસરગ્રસ્ત; ૨૭૨ ટીમોએ વિગતવાર સર્વે હાથ ધર્યો
- SDRFના નિયમો પ્રમાણે ૩૩ ટકાથી વધુ નુકશાન હોય તેવા આશરે ૧.૫૦ લાખથી વધુ ખેડૂતોને ૨ હેક્ટરની મર્યાદામાં સહાય મળશે

કમલમ્ ન્યુઝ,
વિધાનસભા ગૃહ ખાતે જાહેર અગત્યની બાબત પર નિવેદન અને ખેડૂતો માટે કૃષિ રાહત પેકેજની જાહેરાત કરતા કૃષિ મંત્રી શ્રી રાઘવજીપટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના કેટલાક જિલ્લામાં જુલાઈ-૨૦૨૪ માસ દરમિયાન વરસેલા અનરાધાર વરસાદના પરિણામે ખેડૂતોના ખેતી અને બાગાયતી પાકોનેવ્યાપક પ્રમાણમાં નુકશાન થયું છે. આવી વિકટ પરિસ્થિતિમાં જગતના તાતને આર્થિક નુકશાનીમાં સહાય રૂપ થવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની મંજૂરીથી રાજ્ય સરકાર દ્વારા ઉદારહદયે રૂ. ૩૫૦ કરોડની માતબર રકમનું કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. કૃષિ મંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ગુજરાત સરકારનો અભિગમ હંમેશા ખેડુતલક્ષી રહ્યો છે. રાજ્યના ખેડૂતો પર આવેલી કુદરતી આપદાના સમયે ભારત અને ગુજરાત સરકાર હરહંમેશ ખેડૂતોની પડખે અડીખમ ઉભી છે. ખેડૂતોને વાવણીની શરૂઆતના તબક્કે નુકશાનીમાં સહાય મળે અને તેઓ ઝડપભેર ફરી વાવેતર કરી શકે તે માટે મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને તાત્કાલિક ધોરણે આ ખેડૂત હિતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે. મંત્રી શ્રી પટેલે રાહત પેકેજ અંગેવિસ્તૃત વિગતો આપતા જણાવ્યું હતું કે, જુલાઈ માસમાં જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ, આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને તાપી જિલ્લાના મળીકુલ ૪૫ તાલુકામાં અનરાધાર ભારે વરસાદ વરસતા આશરે ૪,૦૬,૮૯૨ હેક્ટર વિસ્તાર ભારે વરસાદથી અસરગ્રસ્ત થયો હતો. આ અસરગ્રસ્ત વિસ્તારમાં ૨૭૨ ટીમોની રચના કરીવિગતવાર સર્વે હાથ ધરવામાં આવ્યો છે. જેના આધારે આશરે ૧.૫૦ લાખથી વધુ અસરગ્રસ્ત ખેડૂતોને સહાય આપવામાં આવશે. ખેડૂતોને નિયમોનુસારની સહાય આપવા માટે નિયત કરાયેલા ધોરણો અંગે વાત કરતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, અસરગ્રસ્તખેડૂતોને SDRF-સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડના ધારા-ધોરણો મુજબ પાક નુકશાની માટે સહાય આપવામાંઆવશે. સાથે જ નુકશાનની તીવ્રતાને ધ્યાને રાખીને રાજ્ય ભંડોળમાંથી/રાજ્ય બજેટ હેઠળ વધારાની ટોપ અપ સહાય અપાશે.

રાજ્ય સરકારે નિયત કરેલા ધોરણો:

(૧) ખરીફ ૨૦૨૪-૨૫ ઋતુના વાવેતર કરેલા બિનપિયત ખેતી પાકોમાં ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે SDRF નાનોર્મ્સ મુજબ રૂ.૮,૫૦૦ તેમજ રાજ્ય બજેટ હેઠળ રૂ. ૨,૫૦૦ સહાય મળી કુલ રૂ. ૧૧,૦૦૦ પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે.

(૨) વર્ષાયુઅથવા પિયત પાકોના ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે SDRFના નોર્મ્સ મુજબરૂ. ૧૭,૦૦૦તેમજ રાજ્ય બજેટ હેઠળ રૂ. ૫,૦૦૦ સહાય મળી કુલ રૂ. ૨૨,૦૦૦ પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે.

(૩) બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે SDRFના નોર્મ્સ મુજબ રૂ. ૨૨,૫૦૦ પ્રતિ હેક્ટર લેખેખાતાદીઠ મહત્તમ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે.

મંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે, નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં ૨ જુલાઈ, ૨૦૨૪ના રોજ વંટોળ સાથે વરસેલા ભારે વરસાદને કારણે ચીકુ અને આંબા જેવા બાગાયતી પાકોના ઝાડ પડી જવા, ડાળીઓ તૂટી જવા તેમજ કેળ પાક પડી જવાથી વ્યાપક નુકસાન થવાના અહેવાલો પણ મળ્યા છે. આવા અસરગ્રસ્તખેડૂતોને આર્થિક નુકશાન ન થાય તે માટે નોંધપાત્ર સહાયની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત જે કિસ્સામાં જમીન ધારકતાના આધારે નિયત ધોરણો મુજબ જો સહાય ચૂકવવા પાત્ર રકમ રૂ. ૩,૫૦૦ કરતાઓછી થતી હોય, તો તેવા કિસ્સામાં ખાતાદીઠ ઓછામાં ઓછા રૂ. ૩૫૦૦ ચૂકવવામાં આવશે. જેમાં SDRF ઉપરાંતની તફાવતની રકમ રાજ્ય બજેટમાંથી ચૂકવવામાંઆવશે, તેમ કૃષિ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. ધરતીપુત્રો માટે ઉદાર હૃદયે રાજ્યની તિજોરી ખુલ્લી રાખવા બદલ કૃષિમંત્રીશ્રીએ વિધાનસભા ગૃહ ખાતે ગુજરાતના ખેડૂતો વતી મુખ્યમંત્રીશ્રી તેમજ નાણા મંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. સાથેજ તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, નુકશાન પેટે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવનાર સહાયથીખેડૂતોને પાક નુકશાનીમાં ચોક્કસપણે રાહત મળશે. અત્રે નોંધનીય છે કે, ખેડૂતોને સહાય આપવા અંગે સંબંધિત જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત ગામોની યાદી જાહેર કરવામાં આવશે. સહાય માટે નુકસાનગ્રસ્ત ગામોના નિયત નુકસાન ધરાવતા ખાતેદાર ખેડૂતોએ ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ સેન્ટર પરથી સાધનિક આધાર પુરાવા સાથે ડિજીટલ ગુજરાતપોર્ટલ પરઅરજી કરવાની રહેશે. આ ઉપરાંત નવસારી જિલ્લાના ગણદેવી તાલુકા માટે નિયતનમુનાની અરજી તાલુકા વિકાસ અધિકારીને કરવાની રહેશે.

બેંક એકાઉન્ટને બદલે માત્ર સાયબર ફ્રોડમાં ટ્રાન્સફર થયેલી રકમ ફ્રીઝ કરવા અંગે નીતિ બનાવનાર ગુજરાત સમગ્ર દેશ માટે મોડેલ સ્ટેટ બન્યુ: ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી

સાયબર ક્રાઈમનો ભોગ બનેલા મધ્યમવર્ગીય લોકોની પીડા દૂર કરવા ગુજરાત પોલીસની ટીમે રાત દિવસ એક કરી માત્ર ૨૦ દિવસમાં ૨.૫૮ લાખથી વધુ બેંક ખાતાઓ અનફ્રીઝ કર્યા

- સમગ્ર દેશમાં આ પ્રકારે આટલી મોટી સંખ્યામાં બેંક ખાતાઓ અનફ્રિઝ કરવામાં ગુજરાત પ્રથમ નંબર
- મિનીસ્ટ્રી ઓફ હોમ અફેર્સ, I4C સાથે જરૂરી સંકલન સાધી NCCRP પોર્ટલ પર સુધારો કરાવવામાં સફળતા મળી

કમલમ્ ન્યુઝ,
વિધાનસભા ગૃહમાં બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરવા સંદર્ભે પુછાયેલા પ્રશ્નનો જવાબ આપતા ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ બેંક એકાઉન્ટને બદલે માત્ર સાયબર ફ્રોડમાં ટ્રાન્સફર થયેલી રકમ ફ્રીઝ કરવા અંગે નીતિ બનાવનાર ગુજરાત સમગ્રદેશ માટે મોડેલ સ્ટેટ બન્યુ છે. ગૃહ વિભાગની સુચનાથી સાયબર ક્રાઈમનો ભોગબનેલામધ્યમવર્ગીય લોકોની મુશ્કેલીઓ દૂર કરવા ગુજરાત પોલીસના સાયબર સેલે રાત દિવસ એક કરી માત્ર ૨૦ દિવસમાં ૨.૫૮ લાખથી વધુ બેંક ખાતાઓ અનફ્રીઝ કર્યા છે. એટલે કે, સમગ્ર દેશમાં આ પ્રકારે આટલી મોટી સંખ્યામાં બેંક ખાતાઓ અનફ્રિઝ કરવામાં ગુજરાતપ્રથમ નંબર પર છે. એટલુ જ નહિ, વર્ષ-૨૦૨૪માં રૂ.૮૫૨૪ કરોડની છેતરપીંડી થઈ હતી, જેમાંથીરૂ.૬૬.૧૫ કરોડની રકમ રીફંડ કરાવવામાં પોલીસને સફળતા મળીછે. હજુપણ બાકીની રકમ રીકવર માટે પ્રયત્નો કરી રીકવરી રેટ ૧૦૦ ટકા સુધી લઈ જવાનો લક્ષ્યાંક છે. નવી નીતિ મુજબ હવે આખાએકાઉન્ટને બદલે માત્ર છેતરપિંડી સાથે સંકળાયેલી ચોક્કસ રકમને જ ફ્રીઝકરાશે. આ ખાતાઓ અનફ્રીઝ કરવા માટે સૂચના અપાઈપરંતુ NCCRP પોર્ટલ પર Layerwise Re-port માં બેંકખાતા સામે બેંકના નામ તેમજ તે બેંકખાતામાં આવેલી ડિસ્પ્યુટેડ રકમ સાથેનો રીપોર્ટ જનરેટ થતો નહતો. જેથી ઉક્ત બેંક ખાતા અનફ્રિઝ કરવામાં વિલંબ થતો હતો, બાદમાં મિનીસ્ટ્રી ઓફ હોમઅફેર્સ, નવીદિલ્હી (I4C) સાથે આ બાબતે જરૂરી સંકલન સાધી તે બાબતે સતત ફોલોઅપ મેળવી આ માહિતી સાથેનો રીપોર્ટ મેળવવા NCCRP Portal પર સુધારો કરાવવામાં સફળતા મળી છે અને હાલમાં આ જરુરી સુધારા સાથેનો રીપોર્ટ જનરેટ કરી શકાય છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યુ કે, સાયબર ક્રાઈમ એક મોટી ચેલેન્જ છે. દુનિયાભરના તમામ વિકસિત દેશો પણ તેનો સામનો કરી રહ્યા છે. સાયબર ફ્રોડ કરતા ભેજાબાજોની એક મોડસ ઓપરેન્ડી હોય છે, જે મુજબ ફ્રોડમાં મળેલી રકમ અલગ અલગ લોકોના બેંક ખાતામાં તાત્કાલિક ટ્રાન્સફર કરી દેવામાં આવે છે. જે પ્રક્રિયા દરમિયાન કેટલાય નિર્દોષ નાગરિકોના ખાતામાં પૈસા જમા કરી દેવાય છે. નિયમ મુજબ આ ખાતુ ફ્રિઝ કરી દેવામાં આવે, જે નાથી નિર્દોષ વ્યક્તિની બચત પણ ફ્રિઝ થઈ જતી હતી. જેને કારણે નીતિ બદલવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો અને આ નિર્ણયથી જે લોકો સાયબર ફ્રોડ કરતા ભેજાબાજોની યુક્તિમાં ફસાઈને ડિજીટલ પેમેન્ટ સ્વીકારી છેતરપિંડીનો ભોગ બન્યા હતા અથવા તો અજાણતા આ પ્રકારની ટ્રેપમાં ફસાઈ ગયા હતા તેવા લોકોને રાહત મળી છે. નવી પોલિસી મુજબ બેંક ખાતાની કુલ રકમને બદલે હવે છેતરપિંડી થઈ હોય તેટલાજ નાણાં ફ્રીઝ કરવામાં આવશે. એટલે કે હવે આખા અકાઉન્ટને બદલે માત્ર છેતરપિંડી સાથેસંકળાયેલી ચોક્કસરકમને જ ફ્રીઝ કરાશે. આ નિર્ણાયક પગલું નાગરિકોના નાણાકીય સુરક્ષાની ખાતરી અને અસરગ્રસ્ત લોકોને ન્યાય અપાવવાની દ્રઢ વચનબદ્ધતા દર્શાવે છે.

કમલમ્ ન્યુઝ, બીના પટેલ
વાસદ સ્થિત સુચિત મહિસાગર મહિલા વાસદ દ્વારા શરુ કરવામા આવેલ મહિલા દુધઉત્પાદક સહકારી મંડળી લી.ના લોકાર્પણ પ્રસંગે સાંસદ શ્રી મિતેષભાઈ પટેલે ઉપસ્થિત રહી નવા સોપાન અંગે શુભેચ્છાઓ પાઠવી આ પ્રસંગે આણંદ જાગ્રુત મહિલા સંગઠન ના પ્રમુખ શ્રીમતી આશાબેન દલાલ, બ્રહ્માકુમારી જાગૃતિબહેન, અમૂલ ડેરીના ચેરમેન શ્રી વિપુલભાઈ પટેલ, વાઈસ ચેરમેન શ્રી કાંતિભાઈ સોઢાપરમાર, અમૂલ ડેરીના ડિરેક્ટર શ્રી ગુલાબસિંહ પઢિયાર, શ્રીમતી હંસાકુવરબા રાજ, મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળીના ચેરમેન શ્રીમતી જાનકીબેન, વાઈસચેરમેન શ્રીમતી દિપાલીબેન પટેલ સહિત મોટી સંખ્યામા ગ્રામજનોઉપસ્થિત રહ્યા

સરકાર તરફથી કરાયેલ કોકલિયર ઇમ્પ્લાન્ટ સર્જરીના પ્રોસેસર એકવાર સંપૂર્ણપણે વિનામૂલ્યે બદલી આપવામાં આવશે: ઋષિકેશ પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં બાળ આરોગ્ય સંભાળ અને સ્વાસ્થ્ય અંગે સંવેદનશીલ નિર્ણય

- અગાઉ આવા લાભાર્થી પાસેથી કુલ ખર્ચના ૧૦% ફાળો લેવામાં આવતો હતો જે હવે વિનામૂલ્યે કરી આપવામાં આવશે
- આ વર્ષે પ્રારંભિક તબક્કે ૭૦૦ જેટલા બાળકોને અંદાજીત રૂ. ૩૫ કરોડના ખર્ચે આ પ્રોસસર બદલી આપવામાં આવશે

રાજ્યના બાળકોમાં થતી કોકલિયર ઇમ્પ્લાન્ટ સર્જરી બાદ પ્રોસસર બદલવા સંદર્ભે આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલે ગુજરાત વિધાનસભામાં નિયમ-૪૪ હેઠળ કરી મહત્વની જાહેરાત

કમલમ્ ન્યુઝ,
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ બાળ આરોગ્ય સંભાળ અને સ્વાસ્થ્ય અંગેસંવેદનશીલ નિર્ણય કરાયોછે. ગુજરાત વિધાનસભામાં આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલે નિયમ-૪૪ મુજબ આરોગ્ય વિષયક મહત્વની જાહેરાત કરી હતી. જે બાળકોનુંસરકાર તરફથી એકવાર વિનામૂલ્યે કોકલિયર ઈમ્પ્લાન્ટ કરાયુંહોય અને કેટલાક કારણોસર આ પ્રોસેસર બગડી ગયું હોય, તૂટી ગયું હોય, ખામી સર્જાઈ હોય કે બંધ પડી ગયું હોય જેવા કિસ્સાઓમાં કોકલિયર ઈમ્પ્લાન્ટ પ્રોસેસરને સંપૂર્ણપણે વિનામૂલ્યે બદલી આપવાનો રાજ્ય સરકારે સંવેદનશીલ નિર્ણય કર્યોછે. અગાઉ જે બાળકોને સરકાર તરફથી એકવાર વિનામૂલ્યે કોકલિયર ઈમ્પ્લાન્ટ કરવામાં આવેલ હોય તેવા બાળકોને બીજી વખત ઈમ્પ્લાન્ટ પ્રોસસર બદલવા માટે રાજ્ય સરકાર દ્વારા કુલ રકમના ૯૦ ટકાઅને વાલી દ્વારા ૧૦ ટકા ફાળો આપવાનું નક્કી કરાયું હતું. પરંતુ રાજ્ય સરકારે બાળકો પ્રત્યે સંવેદના દાખવીને સંપૂર્ણપણે આ પ્રોસેસરબદલવાનો નિર્ણય કર્યોછે. જેથી હવે બાળકોના માતા-પિતાને એક પણ રૂપિયાના ખર્ચ કરવાની જરૂર રહેશે નહીં. રાજ્યમાં હાલ રાજ્યમાં ૧૩૬૫ જેટલા બાળકોના કોકલિયર ઈમ્પ્લાન્ટ પ્રોસસર કીટબદલવા માટે Identify કરાયાછે. જે પૈકી ચાલુવર્ષે ૭૦૦ જેટલાબાળકોના કોકલિયર ઈમ્પ્લાન્ટ એક્સ્ટર્નલ પ્રોસેસર બદલવાની તાકીદે જરૂરિયાત જણાઈ આવી છે. જેમાં એસેસમેન્ટ, ફીટીંગ અને મેપીંગ કેપેસીટીનો સમાવેશ થાય છે. એક બાળકદીઠ અંદાજીત રૂ. ૫લાખનો ખર્ચ થશે. આમ અંદાજીત રૂ. ૩૫ કરોડના ખર્ચે આ તમામ બાળકોને નવીન પ્રોસેસરનો લાભ મળશે. અત્રે નોંધનીય છે કે, છેલ્લા ૧૦ વર્ષમાં રાજ્યના ૩૧૬૩ જેટલા બાળકોની રૂ. ૨૨૧ કરોડના ખર્ચે કોકલિયર ઈમ્પ્લાન્ટસર્જરી કરવામાંઆવી છે. શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત આ સર્જરી કરાય છે જેનો અંદાજીત ખર્ચ રૂ. ૭ લાખ છે. આઈમ્પ્લાન્ટમાં વપરાતા પ્રોસેસર સમય જતા, ટેકનોલોજી એડવાન્સથતા, અપગ્રેડ થતા, ટેકનોલોજી અપડેટ થતા કેટલાક કિસ્સામાંબદલવાની જરૂર રહે છે. વધુમાં કેટલાક કિસ્સામાં ખોવાઈ જાય, તૂટી જાવાના કારણે પણ બાળક પોતાની શ્રવણ શક્તિ ફરી ગુમાવી ન બેસે તે માટે આ તમામ બાળકોને નવીન પ્રોસેસરનો લાભ આપવાનો નિર્ણય કરાયો છે. એક વખત કોકલિયર ઈમ્પ્લાન્ટ સર્જરી કર્યા બાદ બાળકને ૧૦૦ સ્પીચ થેરાપીના સેશન સહિતની ગુણવત્તાસભર સારવાર પણ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવાય છે. સુપર સ્પેશ્યાલિટી સારવાર માટે અમદાવાદ ખાતે રીફર થતા શાળા આરોગ્ય કાર્યક્રમના તમામ બાળ લાભાર્થીઓને તેમના રહેઠાણથી આરોગ્ય સંસ્થા સુધીનું જવા આવવાનું મુસાફરી ભથ્થુ, એસ.ટી. ના ભાવ મુજબ આપવામાંઆવેછે.

મોડલ બાયલોઝ મારફત વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી પેકસને સક્ષમ બનાવી શકાશે. :- મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા

૧૦૩૦૦ થી વધુ પેક્સ મંડળીઓ સાથે અંદાજિત ૨૭ લાખ ખેડૂતો જોડાયેલા છે અને આ મંડળીઓને મોડલ બાયલોઝ વિશે જાગૃત કરવા ૮૦ જેટલા વર્કશોપ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યા છે.

કમલમ્ ન્યુઝ,
વિધાનસભા ગૃહમાં પૂછાયેલા પ્રશ્નના સંદર્ભમાં માહિતી આપતા માન. સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું કે પેક્સ મંડળીઓ દ્વારા મોડલ બાયલોઝ અપનાવીને વિવિધ ૧૮ જેટલા ઉદ્દેશ્યો અંતર્ગત વિવિધ પ્રકારના ધિરાણો આપવાની, કૃષિ ઉત્પાદનો ઉપરાંત પશુપાલન, મત્સ્યોદ્યોગ, ઝીંગા ઉછેર, મરઘાં ઉછેર, મધમાખી ઉછેર, રેશમ ઉત્પાદન વગેરેને લગતી ઉપરાંત પ્રોસેસીંગની કામગીરી, સેવા અને વ્યવસાયિક કામગીરી જેવી કે, સામુદાયિક કેન્દ્ર, હોસ્પિટલ/જન ઔષધિ કેન્દ્ર, વિવિધ પ્રકારની ડીલરશીપ જેવી કે, એલપીજી, ડીઝલ, પેટ્રોલ વગેરેને લગતી કામગીરી, કોમન સર્વિસ સેંટર તરીકેની કામગીરી, નાણાંકીય બેંકિંગ સંસ્થાઓમાટે એજન્ટ/બેંક મિત્ર તરીકે કામગીરી કરી શકશે. માન. મંત્રીશ્રી એ ઉમેર્યું કે, રાજ્યમાં ૩૩ જિલ્લાઓના ૧૦,૩૦૦ થીવધુ પેક્સ મંડળીઓ આવેલી છે. આ મંડળીઓ સાથે અંદાજિત ૨૭ લાખ થી વધુ સભાસદો જોડાયેલ છે. આ માટે ૩૩ જિલ્લાઓમાં જિલ્લા રજિસ્ટ્રાર કચેરી તરફથી ૮૦ જેટલા સેમિનારોનું આયોજન કરાયું હતુ. પેક્સ દ્વારા મોડલ બાયલોઝ અપનાવવામાં સરળતા રહે તથા મંડળીઓની બાયલોઝ સુધારાની દરખાસ્તો મંજૂર થાય તે માટે તાલુકા કક્ષાએ જિલ્લા રજિસ્ટ્રાર કચેરીદ્વારા ખાસ કેમ્પોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે તેમ મંત્રીશ્રીએ જણાવ્યુંહતું. વધુમાંઆ પેક્સ મંડળીઓ તેમના ઉદ્દેશ્યો મુજબ કામ કરી શકે તે માટે સરકારશ્રી દ્વારા કોઈ યોજના મૂકવા અંગે પૂછાયેલ પ્રશ્નના સંદર્ભમાં મંત્રીશ્રીએ ગૃહમાં જણાવ્યું હતું કે, પેક્સ કોમ્પ્યુટરાઈઝેશનની યોજના અન્વયે "પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળીઓનુ (પેક્સ) કોમ્પ્યુટરાઈઝેશન કરીને તેઓને કોર બેંકિંગ સિસ્ટમથી" જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક સાથે જોડવામાં આવનારછે. પેક્સકોમ્પ્યુટરાઈઝેશન અંતર્ગત પ્રથમતબક્કામાં રાજ્યની ૫૭૫૪ મંડળીઓને આવરી લેવામાં આવી છે. આ યોજના હેઠળ કેન્દ્રસરકાર ૬૦% અને રાજ્ય સરકાર ૪૦% ખર્ચભોગવનાર છે. આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે, કેંદ્ર સરકાર તરફથી એક કોમન સોફ્ટવેરતૈયાર કરવામાંઆવ્યું છે જે તમામ પેક્સને નિ:શુલ્ક આપવામાં આવ્યા છે. આ ઉપરાંત પેક્સને તમામ જરુરી હાર્ડવેર જેવાં કે, કોમ્પ્યુટર, મલ્ટી ફંકશનલ પ્રિન્ટર, વેબ કેમેરા, યુ.પી.એસ., બાયોમેટ્રીક સ્કેનર પુરા પાડવામાં આવ્યા છે. આ ઉપરાંત પેક્સ મંડળીઓના ખેડૂત સભાસદોને પોતાનોમાલ સંગ્રહ કરવાની ગ્રામ્ય કક્ષાએ સુવિધા મળી રહે તે માટે પેક્સ મંડળીઓ મારફત ગોડાઉન બનવવા માટે પણ રાજ્ય સરકાર દ્વારા સહાય આપવાની યોજના અમલમાં મૂકેલ છે. આમ, પેક્સ આર્થિક રીતે સક્ષમ બનતાં ગામનાં યુવાનો માટે ગામમાં જ રોજગારીની તકોપણ વધશે. અન્ય પ્રશ્નના સંદર્ભમાં મંત્રીશ્રી એ વધુમાં જણાવ્યું હતું કે, ભારત સરકાર દ્વારા વિવિધ પહેલો અંતર્ગત ત્રણ નવી મલ્ટી સ્ટેટ સંસ્થાઓ નોંધાયેલ છે. જેમાં નેશનલ કો-ઓપરેટિવ ઓર્ગેનિક લિમિટેડ (NCOL)નો હેતુ પ્રાકૃતિક ધોરણે થતી ખેતીને પ્રોત્સાહન આપવાનો તથા આવી પેદાશોનું માર્કેટીંગ અને વેચાણ કરવાનો છે. નેશનલ કો-ઓપરેટિવ એક્સપોર્ટ લિમિટેડ (NCEL) નો હેતુ કૃષિ પેદાશોનું વેલ્યુ એડિશન કરીનેતેનેરાષ્ટ્રીયઅને આંતરરાષ્ટ્રીય બજારોમાં વેચાણ વધારવા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવાનો છે. ભારતીય બીજ સહકારી સમિતિ (BBSS) નો હેતુ કૃષિ પેદાશો માટે સારી જાતના બિયારણો સભાસદ મંડળીઓના માધ્યમથી ખેડૂતો સુધી પંહોચાડવાનો છે. રાજ્યની તમામ પેક્સ મંડળીઓને આ ત્રણ સંસ્થાઓમાં સભાસદ થવા રાજ્ય સરકાર પ્રોત્સાહિત કરી રહી છે જેથી પેક્સ મંડળીઓ મારફત તેમના સભાસદ ખેડૂતોની ખેતપેદાશોનું પ્રોસેસીંગ થયા પછી આ સંસ્થાઓ મારફત વેચાણની વ્યવસ્થાનો લાભ મળી શકે તમજ ખેડૂતને નાણાંકીયલાભાલાભ મળી શકે તેમ મંત્રીશ્રી એ વધુમાં ઉમેર્યું હતું.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028